॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓક્ટોબર ૨૦૧૩ રૂ. ૫/૦૦



નીલકંઠ ફિલ્મ DVDનું વિમોચન કરતા પ.પૂ. મહંત સ્વામી તથા પ.પૂ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી-ભુજ



શ્રી પૂ.આ.સ. સ્વામિનારાયણ મંદિરના યુવાનો ચારધામ યાત્રા બાદ સંતોના સાનિધ્યમાં ભુજ.





શ્રી ઘનશ્યામ મહારાજને સોનાનો હાર તથા શ્રી કૃષ્ણ ભગવાનની સુવર્ણ વાંસણી અપર્ણ કરતા શિયાણી પરિવારના ભકતો સાથે સંતો - ભુજ



શ્રી નરનારાયણદેવને વીકટા સુમો ગાડી અર્પણ કરતા માધાપરના પ.ભ. જાદવજીભાઈ તથા કિશોરભાઈ ભુડીયા પરિવાર - ભુજ



શ્રી નરનારાયણાદિ દેવોના શિખર ઉપર દવજાના યજમાનો પૂજન કરી રહ્યા છે - ભુજ



શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપર (નિ.વા.) ભાઈઓના નવા મંદિરનું ભૂમી પૂજન કરતા સંતો તથા યજમાનશ્રીઓ



ઋષિ પંચમી દિને મહાપૂજા કરતાં બહેનો - ભુજ - કેરા - નારણપર ઉપલોવાસ



સંતો સાથે કેરાના ભૂડીયા પરિવાર - ઓલ્ડહામ મંદિરમાં પંચાહ્ન પારાયણ પ્રસંગે



પંચાહ્ન પારાયણના યજમાન પ.ભ. નારણભાઈ પાઘરા સુપુત્રો કેસરાભાઈ તથા દિનેશભાઈ સાથે પહેરામણી સ્વીકારી રહ્યા છે.



શ્રી કૃષ્ણ જન્મોત્સવ સાથે મટકી ફોડ - કેરા



માંડવી મંદિરે શ્રી કૃષ્ણ જન્મોત્સવ સાથે મટકી ફોડ - માંડવી





હમીરસરને વધાવતા ભુજ મંદિરના સંતો

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૯ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૩ અંક - ૧૦ - ઓક્ટોમ્બર – ૨૦૧૩
સળંગ અંક - ૩૩૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

આપણા સંપ્રદાય માટે ગૌરવની વાત એ છે કે પાશ્ચાત્ય દેશોનો ઝાકઝમાળથી ભરપૂર ભૌતિકવાદ આપણા હરિભક્તોની ભક્તિને સ્પર્શી શક્યો નથી, જેનું પ્રમાણ તાજેતરમાં વિદેશમાં યોજાએલા ભવ્યાતિભવ્ય સામૈયાઓએ પૂરું પાડ્યું છે. મંદિરોનાં નિર્માણ કરવાની શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલી આજ્ઞાને અનુસરીને ભુજ મંદિરના સંતોની પાવનકારી પ્રેરણાથી વિદેશની ધરતી પર પણ સુંદર અને ભવ્ય મંદિરોનાં નિર્માણ થયાં છે. સતત ભુજ મંદિરના સંતો દ્વારા ભક્તિની પ્રજ્વલિત જ્યોતના દિવ્ય પ્રકાશમાં ભક્તિનું સંવર્ધન થયું છે અને સુંસંસ્કારોની સુંગધ પ્રસરાવતો આપણો સાંસ્કૃતિક વારસો જળવાઈ રહ્યો છે.

આજે વિકસિત ગણાતા પશ્ચિમના દેશો જ્યારે વિકાસની કેડી પર પગરણ માંડી રહ્યાં હતાં તે પ્રાચીન સમયે ધર્મ, અધ્યાત્મ અને યોગ દ્વારા ભારતના ઋષિઓએ ખગોળ-ભૂગોળ, વનસ્પતિશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત-ભૂમિતિ-આંકડાશાસ્ત્ર, તબીબીશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, અણુ-પરમાણુ-વિજ્ઞાન આદિ અનેક વિદ્યાઓમાં પોતાની પારંગતતા સિધ્ધ કરી બતાવી હતી. સમગ્ર વિશ્વમાંથી પંડિતો, વિદ્વાનો, ધર્માચાર્યો,વિજ્ઞાનીઓ અને રાજપુરુષો ઋષિઓ પાસે વિદ્યાભ્યાસ માટે ભારત આવતા. પૂર્વજોએ આપેલા આ વિરલ વારસાનું આપણે ગૌરવ હોવું જોઈએ, તેનું જતન કરી સાચા અનુગામી બનવું જોઈએ. આપણા પરંપરાગત સંસ્કારો અને સભ્યતાને અનુસરવામાં સંકોચ ન હોવો જોઈએ, આ સંસ્કારો જ માનવને મહાન બનાવે છે. વિશ્વના દેશોએ આપણી આ મહાનતા સ્વીકારી છે. આજે ઘણા દેશો આપણી પૌરાણિક વિદ્યાઓ અને પારંપરિક સંસ્કારોને અનુસરીને માનસિક શાંતિની શોધમાં પ્રવૃત્ત થયા છે. વિદેશમાં જે કોઈ સભ્યતાનાં દર્શન થાય છે તેમાં મુખ્ય ફાળો મંદિરોનો છે. ધન્યવાદ પાઠવીએ આપણા વિદેશની ધરતી ઉપર મોટા મંદિરોમાં રહી સત્સંગ અને સભ્યતાને જાળવવા પ્રયત્ન કર્યા છે. અને એવા ભક્તો ઉપર મહારાજ ખૂબ જ રાજી છે.

માનસિક શાંતિ મેળવવા માટે મનની એકાગ્રતા અનિવાર્ય છે પણ માનવ મન તો મર્કટ જેવું ચંચળ છે. ભગવાનની મૂર્તિ સામે ધ્યાન ધરતા હોઈએ ત્યારે મન તો ક્યાંય વિચરતું હોય ! વિહાર કરતા મનને ટપારીને ફરી ભગવાનમાં જોડવાના પ્રયત્નો પણ વારંવાર નિષ્ફળ જતા હોય છે ! ભગવાનમાં મન પરોરવા માટે એકાગ્રતા અનિવાર્ય છે. ભગવાનમાં મન પરોવાય તો જ ઔલોકિક આનંદની અનુભૂતિ થાય છે, જે માનસિક શાંતિ આપે છે. આપણા ઋષિ-મુનિઓએ શાંતિની શોધના માર્ગો સ્પષ્ટ કરેલા છે. હજારો વર્ષ પહેલાં મહર્ષિ પતંજલીએ યોગશાસ્ત્ર વિકસાવી ધ્યાન દ્વારા મનની એકાગ્રતા કેવી રીતે થઈ શકે તે વિષે જ્ઞાન આપ્યું છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના પચીસમાં વચનામૃતમાં કહ્યું છે કે ચિત્તના નિરોધથી પ્રાણનો નિરોધ થાય છે. ચિત્તનો નિરોધ ત્યારે થાય જ્યારે ભટકતી વૃત્તિ ભગવાન વિષે કેન્દ્રિત થાય.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક–૨૪

વેદાન્તાચાર્ય
લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



આ મંત્રમાં ઉપાસકે ઉપાસનાની સિદ્ધિ માટે કરવા યોગ્ય ભગવાનની પ્રાર્થનાનો પ્રકાર કહે છે.

''हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥''

જીવનું દ્વાર રૂપ જે મન તે સુવર્ણમય પાત્ર અર્થાત્ ધન-સમ્પત્તિ રૂપ ભોગ્યવિષયો રૂપી પાત્રથી ઢંકાયેલું છે તેથી હે સર્વનું પોષણ કરનાર પરમાત્મા તે ઢાંકણને તમો દર્શન વિશેષ રૂપ સ્વાભાવિક ધર્મની પ્રાપ્તિ માટે ઉઘાડો. કારણ કે - ધન-સમ્પત્તિની લાલસા વ્યક્તિને સત્યથી વિમુખ કરી દે છે. તેથી હે પરમાત્મા તું આવા લોભથી અમને બચાવ. ઉપાસનાના ઉપાયોમાં આ બતાવેલ ઉપાય જ મુખ્ય ઉપાય છે. જ્યાં સુધી પ્રાર્થનાથી પરમાત્મા વશ ન કરાય ત્યાં સુધી કર્મયોગાદિક પણ સંપાદન કરવાં અશક્ય બને છે. માટે જ સ્થૂલ દેહથી ઇન્દ્રિયો પર છે. ઇન્દ્રિયો કરતાં મન પર છે. મન કરતાં બુદ્ધિ પર છે. અને બુદ્ધિ કરતાં પણ મહત્તત્વ પર છે. મહત્તત્વથી અવ્યક્ત પર છે. અવ્યક્તથી પુરુષ પર છે. અને તે પરમાત્મારૂપ છે. પુરુષથી પર કોઇ નહિ એ જ અંતિમ મર્યાદા છે. તે એજ પરમગતિરૂપ છે આ પ્રમાણે વશ કરવારૂપ કાર્યમાં પરમાત્માનું જ પ્રધાનપણું સંભળાય છે પરમાત્માની પ્રસન્નતા વિના હજારો પ્રયત્નોથી પણ મનના નિર્માણપણા આદિકની સિદ્ધિ થતી નથી. આ રીતે મંત્રો આત્માને પ્રકૃતિથી જુદો માનીને ભગવાનની પ્રાર્થના કરવા પૂર્વક આત્માની ગતિનું ચિન્તવન આ અંતિમ મંત્રમાં બતાવવામાં આવ્યું છે. આ સમસ્ત સંસાર જેનાથી વ્યાપ્ત છે. અને સમસ્ત કર્મ જેની પ્રસન્નતા માટે કરવામાં આવે છે. જે ઈશ્વર અનંત દિવ્યશક્તિ અને શુભગુણોના સમુદ્ર છે. જે સમસ્ત જીવપ્રાણીને સમદૃષ્ટિથી જુવે છે. જેની શરણાગતિથી અક્ષરધામને પામે છે. તે આ પરમૈશ્વર્યશાલી **શ્રીસ્વામિનારાયણ ભગવાન** વાજસનેય સંહિતાના અંતિમ ભાગરૂપ આ ઈશાવાસ્યોપનિષદ્માં પ્રતિપાદન કરાયેલા છે.

### (૨) કેનોપનિદ્

સામવેદના તલવલકર બ્રાહ્મણનું આ ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્‌ના પ્રથમ મંત્રમાં 'કેન' શબ્દ હોવાને કારણે કેનોપનિષદ્‌ના નામથી પ્રસિદ્ધ થયું. આ ઉપનિષદ્‌ના ચાર ખંડો છે અને માત્ર ૩૫ મંત્રો છે જેમાં ગુરુ - શિષ્યના સંવાદ દ્વારા પરબ્રહ્મનું વર્ણન કર્યું છે.

કેન શબ્દનો તાત્પર્ય છે - **'કોના દ્વારા'** ''केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रति युक्तः । केनेषितां वाचामिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति॥'' મન કોની પ્રેરણાથી પોતાને પ્રિય વિષયમાં જાય છે ? કોની પ્રેરણાથી મુખ્ય પ્રાણ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય છે ? અને કોણે પ્રેરણા કરાયેલી વાણી મનુષ્યો બોલે છે? નેત્ર અને શ્રોત્રને ક્યા દેવ પ્રેરણા કરે છે ? આવા પ્રશ્નનોના ઉત્તર બીજા મંત્રમાં આપે છે કે - આ સર્વના પ્રેરક પરમાત્મા છે. આવા પ્રેરક પરબ્રહ્મ પરમાત્માને જ્ઞાની પુરુષો જાણીને મૃત્યું

પછી જન્મ મરણ રહિત મોક્ષને પામે છે.

આ સંપૂર્ણ કેનોપનિષદના સિદ્ધાન્તને ભગવાન શ્રીસ્વામિનારાયણના શબ્દોને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ માત્ર કીર્તનની એક કડીમાં સમાવી દીધો **''મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય એમ મુને જાણજો રે મારા આશ્રિત સૌ નરનારી''** ભગવાનની મરજી વિના એક સુકું પાંદડું ન તોડી શકાતું હોય તો પછી તેમની મરજી વિના કેવી રીતે મનુષ્ય મોટાં કામ કરી શકે.

શ્રીજી મહારાજે ગ.પ્ર.પ્ર.૭૪ વચનામૃતમાં ત્યાં સુધી કહ્યુ છે કે - ''આપણે તો શ્રીનરનારાયણના દાસ છીએ, તે નરનારાયણને જેમ ગમે તેમ રહેવું. અને એ શ્રીનરનારાયણની ઈચ્છા હશે તો સત્સંગની વૃદ્ધિ થશે, ને એમને ઘટાડવો હશે તો ઘટી જશે.'' શ્રીજીમહારાજ એ સમજાવે છે કે વ્યવહાર સબંધી કાર્ય તો ભગવાનની ઈચ્છા થી જ થાય છે પરન્તુ સત્સંગ સબંધી કાર્ય પણ ભગવાનની ઈચ્છા થી જ થાય છે. આપણે માત્ર કાર્યમાં નિમિત્ત છીએ કાર્ય કરાવનાર તો ઈશ્વર છે. ગીતામાં પણ આ સિદ્ધાન્તને અર્જુન પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યો છે - હે અર્જુન ! ' निमित्त मात्र भव सव्यसाचि' તું તને આ કાર્યમાં નિમિત્ત માનીને યુદ્ધ કરીશ અને યુદ્ધમાં જે તારાથકી મરાસે તેનું તને બંધન નહી લાગે પરન્તુ જો તું એવું માનીશ કે હું યુદ્ધ કરું છે અને આ બધાને મેં માર્યા છે તો તને તેનો બાધ લાગશે. તેથી પરમાત્માની ઈચ્છાથી જ બધુ કાર્ય થાય છે એવો સિદ્ધાન્ત આ ઉપનિષદનો છે. આ સિદ્ધાન્તે પ્રત્યક્ષ સમજાવવા માટે આ જ ઉપનિષદના ખંડમાં દેવાસુરના યુદ્ધની આખ્યાયિકા પણ કહેવામાં આવી છે.

**કઠોપનિષદ્**

આ ઉપનિષદ્ યજુર્વેદની તૈત્તિરીય શાખાથી સંબંધિત છે. તેમાં નચિકેતાની પ્રસિદ્ધ કથા છે. ગીતાને ઉપનિષદ્ રૂપી ગાયનું દુધ કહેવામાં આવ્યું છે. આ કથન આ ઉપનિષદ્‌ના સંદર્ભમાં પૂર્ણતઃ સ્પષ્ટ થાય છે. કારણ કે ઘણા મંત્રોને ગીતામાં અક્ષરશઃ લેવામાં આવ્યા છે. વૈશમ્પાયન ઋષિના શિષ્ય કઠઋષિએ આ ઉપનિષદ્‌ની રચના કરી છે તેથી આ ઉપનિષદ્‌નું નામ 'કઠ' પડ્યું છે. આ ઉપનિષદ્‌માં બે અધ્યાયો છે અને દરેક અધ્યાયોની ત્રણ-ત્રણ વલ્લીઓ છે. આમાં કુલ ૧૮૯ મંત્રો છે. તેમાં મહર્ષિ ઉદ્દાલકના પુત્ર વાજશ્રવા અને તેમના પુત્ર નચિકેતા અને યમની વચ્ચે જે વાર્તાલાપ થયો તેનું વર્ણન છે.

એકવાર ઉદ્દાલક ઋષિએ વિશ્વજિત નામનો મહાન યજ્ઞ કર્યો અને મહાન ફળની ઈચ્છાથી બધુ દાન કર્યું તેમાં એવી ગાયો પણ હતી જે અતિ દુર્બળ, વૃદ્ધ અને પ્રજનન શક્તિ રહિત હતી. આવી ગાયોનું દાન આપતા પિતાને જોઈને પુત્ર નચિકેતાએ પિતાને કહ્યું કે આવી દૂર્બળ ગાયોનું દાન આપવા કરતાં મને દાનમાં આપી દો.

પિતા ઉદ્દાલક કઇ બોલ્યા નહી. પરન્તુ જ્યારે નચિકેતાએ વારંવાર કહ્યું ત્યારે ઉદ્દાલક ગુસ્સામાં બોલ્યા 'હું તને મૃત્યુને દાન આપુ છું.' આ સાંભળીને નચિકેતાએ વિચાર્યું કે પિતાની વાણી મિથ્યા ન થાય તેથી તે મૃત્યુદેવ પાસે યમલોક તરફ ચાલવા લાગ્યા. પિતાએ ઘણો રોક્યો પણ નચિકેતાએ કહ્યું પિતાજી આપના વચનનું પાલન કરવું પુત્રનો ધર્મ છે. નચિકેતા યમલોક પહોંચ્યા. ત્યાં યમ હાજર ન હતા તેથી ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સુધી યમદ્વારમાં ઉપવાસ કરીને બેઠા. યમરાજ આવ્યા ત્યારે તેને ખબર પડી ત્યારે યમ સ્વયં નચિકેતાની પાસે આવીને અને ક્ષમા માગતાં કહે છે કે - તુ મારી રાહમાં ત્રણ દિવસ અન્ન-જળનો ત્યાગ કર્યો તેથી તું મારી પાસેથી ઈચ્છીત ત્રણ વરદાન માંગી લે જેનાથી હું આ દોષથી મુક્ત થાઉ.

નચિકેતા પહેલું વરદાન માંગે છે. - **પહેલું વરદાન** - હે મૃત્યુદેવ ! જ્યારે હું મારા ઘરે પાછો જાઉ ત્યારે મારા પિતા ક્રોધ ન કરે, તે શાંન થઇને મને પહેલાંની જેમ 'મારો પુત્ર' કઇને પ્રેમથી બોલાવે.

**યમરાજે** કહ્યું - તથાસ્તુ, એવું જ થશે.

**ક્રમશઃ**

જનકભાઈ એમ. ભટ્ટ

# શરદ પૂર્ણિમા

સત્સંગિજીવન ચતુર્થ પ્રકરણમાં આસો માસમાં આવતા ઉત્સવોના વિધિનું શ્રી હરિએ નિરૂપણ કરેલ છે. તે ઉત્સવોમાં શરદ-પૂનમનો ઉત્સવ પૂર્ણ ચંદ્રોદયવાળી પૂર્ણિમા તિથિથી આરંભીને નંદનંદન શ્રી કૃષ્ણ ભગવાને રાધિકા આદિક ગોપીઓની સાથે રાસલીલા કરી હતી. પૂર્ણ ચંદ્રના પ્રકાશવાળી તે પૂર્ણિમાની રાત્રીમાં ભગવાનના ભક્તોએ ઉત્સવ ઉજવવો .

વસંત ઋતુમાં પ્રકૃતિનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠેલું આપણે જોઈએ છીએ. વર્ષાઋતુમાં ચારે તરફ હરિયાળી છવાયેલી હોય છે. જ્યારે શરદઋતુની રૂપેરી ચાંદની આપણા મનને મોહી લે છે. ચાંદની ચારે બાજુ પોતાનું સ્મિત વેરતી હોય છે.પૂનમની શીતળતામાં તારાઓના ઝગમગાટમાં અને ધોળાં ધોળાં વાદળાનાં સમૂહમાં કુદરતની અનોખી પ્રસન્નતાનો અનુભવ થાય છે.

શરદઋતુમાં પૂનમની શીતળતામાં કુદરતના રમ્ય સ્વરૂપમાં સાગરના મોજાંનો ઘુઘવાટ, સરિતાના પ્રવાહનો ખળખળ અવાજ, સરોવરમાં ઊઠતાં જલ-તરંગો, લીલીછમ વનરાજી ચારે બાજુ હરિયાળા ખેતરો, રંગબેરંગી પુષ્પોની મીઠી સુવાસમાં પ્રકૃતિનો ઉલ્લાસ છલકતો જોવા મળે છે.

શરદપૂર્ણિમા એટલે જાગૃતિનો ઉત્સવ. આનંદનો ઉત્સવ વૈભવનો ઉત્સવ છે. તે દિવસે ચંદ્ર સોળે કળાએ ખીલી ઊઠે છે. તે દિવસે ચંદ્ર પૃથ્વીની વધુમાં વધુ નજીક હોય છે. તેમ જ્યોતિષશાસ્ત્રમાં જણાવેલ છે. તે દિવસે ચંદ્ર સૌથી મોટો લાગે છે.

ચોમાસાના ગાળા દરમ્યાન આકાશ વાદળથી ઘેરાયેલું રહેતું હોવાથી આપણે સ્પષ્ટ ચંદ્રદર્શન કરી શકતા હોતા નથી. તેથી શરદપૂર્ણિમાનો ચંદ્ર વધુ મનમોહક આકર્ષક લાગે છે. ચંદ્ર પાસે પોતાની આગવી સુંદરતા શીતળતા છે. ચંદ્ર પાસે આંતરિક સૌંદર્ય હોવાને લઈને તે શીતળ અને શાંતિદાયક છે. એટલે જ કહેવાયું છે કે ઋષિમુનિઓ અને સંતો પાસે ચંદ્રની શીતળ ચાંદની જેવું સૌંદર્ય રહેલું છે.

ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને "નક્ષત્રાણામહં શશી" એમ કહીને ચંદ્રને પોતાની વિભૂતિ ગણાવેલ છે. ચંદ્ર સામે મીટ માંડીને આપણે કલાકો સુધી બેસી શકીએ છીએ.

ચંદ્ર મનના દેવ છે. શાંત સ્વભાવવાળા માનવીઓને પૂર્ણિમાની ચાંદનીમાં વિહાર કરવાનું ગમે છે. માનસિક શાંતિનો અનુભવ થાય છે. કવિઓ પોતાના નવાં કાવ્યોની પ્રેરણા ચંદ્ર પાસેથી મેળવે છે. સાગર તો ચંદ્રને દેખીને ગાંડો થાય છે.

ચંદ્રનો પ્રકાશ માત્ર શાંત અને શીતળ છે એટલું નહીં પણ તે ઉપયોગી અને ઉપકારક પણ છે.ખેતરમાંના અનાજને તેમજ અનેક પ્રકારની ઔષધિઓના ગુણને પુષ્ટ કરવામાં ચંદ્ર ખૂબ જ મહત્ત્વનો ભગ ભજવે છે. અઢારભાર ઓષધીઓનું પોષણ કરતાં ચંદ્રમાને કહેલા છે.

ગીતામાં ભગવાને જણાવેલ છે કે "રસાત્મક સોમ(ચંદ્ર) બનીને હું સર્વ ઔષધિઓને પુષ્ટ કહું છું."

શરદપૂર્ણિમાના દિવસે નવા તૈયાર થયેલા અનાજના પૌંવા દૂધ સાથે ઠાકોરજી જમાડવા જોઈએ. ચંદ્ર સફેદ ચાંદની દૂધ પૌંવા સાકર બધું સફેદ છે. તેથી કવિઓએ શરદપૂર્ણિમાને ધવલરંગી ઉત્સવ ગણાવેલ છે. તે દિવસે નાચવાનું, કૂદવાનું, ભગવાનના ગુણગાન કરતા કીર્તનો સાથે રાસ-ગરબા લેવાના. પરંતુ આ બધા આનંદમાં ઉજ્જવલતા રાખવાની છે. વિશુદ્ધ મન, નિર્મલ અંતઃકરણથી આ ઉત્સવના ઉલ્લાસને કે જીવનના આનંદને માણી શકે તે જ પૂર્ણતાને પામે. શરદપૂર્ણિમાનો ચંદ્ર જેમ સોળે કળાએ ખીલી ઊઠે છે તેમ આપણા જીવનમાં ભક્તિ, સત્સંગ, આધ્યાત્મિક્તા સોળે કળાએ ખીલવીએ અને આપણા જીવનને ધન્ય બનાવીએ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## સં.૨૦૬૯ ભાદરવા સુદ-૧૧ સોમવાર તા. ૧૬-૯-૧૩ના શ્રી નરનારાયણદેવ આદિ દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- ધીરજલાલભાઈ ચત્રભુજ ઠક્કર - ભુજ
- નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા
- પાર્થ યોગેશ ભુડીયા - માનકુવા ભક્તિનગર
- રાજેશભાઈ કેસરા પાધરા - સુખપર
- હરીશ રવજી વેકરીયા - બળદીયા
- કાનબાઈ લાલજી હિરાણી - ભક્તિનગર
- સાં.યો. કાનબાઈ લાલજી ભુડીયા - ભક્તિનગર.
- માનબાઈ દેવજી કમાણી - ભક્તિનગર
- નારણ લાલજી શીવજી વેકરીયા - નારણપર
- ગં.સ્વ. કાંતાબેન મનજી ભુડીયા - ફોટડી
- અ.નિ. હીરબાઈ કાનજી શિયાણીના મોક્ષાર્થે હ. કાનજી વાલજી - સુખપર
- લાલજી વિશ્રામ વેકરીયા - નારણપર ની.વાસ
- નીલેશ શંભુલાલ સોની - નારણપર
- યોગેશ પરબત ખેતાણી - મદનપર
- નારણભાઈ મનજી હાલાઈ - સુરજપર
- કરસન મુરજી કાબરીયા - ગોડપર
- નીલેશ વિશ્રામ હાલાઈ - નારણપર
- ધીરજભાઈ પ્રેમજી તેજા વેકરીયા - બળદીયા
- અમરબાઈ વિશ્રામ ભંડેરી - સામત્રા હ. કરસન વિશ્રામ
- દિનેશ ધરમશી ખુથીયા - મુંબઈ
- દિપક વાલજી સેંઘાણી - નાઈરોબી - નારણપર
- ધીરજલાલ પોપટલાલ - માધાપર
- ભાવેશ નારણ પિંડોરીયા - ભુજ
- દિનેશભાઈ માવજી ભુડીયા - કોડકી
- તુલસી વિનોદ ગોરસીયા - સુખપર
- સાં.યો. મેઘબાઈ શીવજી કેરાઈ - માંડવી
- ધનજીભાઈ નાથા હાલાઈ - સુખપર
- મહેશ શંકરલાલ ગોર
- ધનજીભાઈ જાદવાભાઈ હિરાણી - માનકુવા
- નરશીભાઈ ખીમજી ડાયાણી - નાના આંગીયા
- પુરબાઈ દેવજી હિરાણી - કોડકી
- ધનબાઈ કરસન વેલાણી - મદનપુર
- વિનોદભાઈ રામજી શિયાણી - ભક્તિનગર
- કલ્પનાબેન દિનેશ કેશરા હિરાણી પુત્રી યશ્વી તથા પ્રિયલ - સુખપર
- વૃતિ નિશાંત હિરાણી - મીરઝાપર
- લાલજીભાઈ નારણ ભુવા, ધ.પ. માનબાઈ - સુખપર
- ધનજીભાઈ જાદવાભાઈ હિરાણી - માનકુવા
- કાનજીભાઈ કુંવરજી વરસાણી - સામત્રા નૈરોબી
- દિપક ગોવિંદ કેરાઈ - લંડન
- દિનેશ ધરમશી ખુથીયા - મુંબઈ
- દિલીપ ધનજી કેરાઈ - મીરઝાપર
- લાલજી સામજી સેંઘાણી - નારણપર
- દિનેશ ધરમશી ખુથીયા - મુંબઈ
- ધનબાઈ કરસન વેલાણી - મદનપુર
- ધનજીભાઈ જાદવાભાઈ હિરાણી - માનકુવા
- દિપક વાલજી સેંઘાણી - નાઈરોબી નારણપર
- કલાવતીબેન કાંતિલાલ હાલાઈ - કોડકી

# સત્સંગ સમાચાર

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ ગામ માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના આશીર્વાદથી ગામ માધાપરના પ.ભ. શ્રી ગોવિંદભાઈ હીરજી જેઠા વરસાણી ધ.પ. પ્રેમબાઈ તરફથી એમના મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નતાર્થે ગામ માધાપરના બંને મંદિરમાં તા.૧૧-૯-૧૩ બુધવારથી તા.૧૫-૯-૧૩ રવિવાર સુધી પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ્વામી ભગવતજીવનદાસજીના મંડળના સંતોના વરદ્ હસ્તે તથા ગામના મંદિરના સર્વે કાર્યકર્તાના સહકાર તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈના સથવારે સારી રીતે કરવામાં આવેલ.

પંચાહ્ન પારાયણના વક્તા પદે સ્વામી નિર્ભયચરણદાસજી તથા સ્વામી વેદાંતસ્વરૂપદાસજીએ પોતાની સુંદર સાદી અને સ્પષ્ટ ભાષામાં શ્રીમદ્ ભગવત કથાનાં સુંદર આખ્યાનો તથા શ્રીકૃષ્ણની લીલાચરિત્રોની કથાનું અમૃત રસપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે ભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી તથા પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી તથા અન્ય બીજા સંતોના સાથ સહકારથી સારી રીતે પૂર્ણ થયેલ.

કથાના બીજે દિવસે યજમાનશ્રીના ઘરે સંતોની પધરામણી કરી રાજીપો લીધો હતો તથા ત્રીજા દિવસે જમણવાર રાખી યજમાન પરિવારે ઠાકોરજીને થાળ જમવા માટે પટેલ વાડીમાં પધરામણી કરાવી લાભ લીધો હતો. અને છેલ્લે સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સામૈયું આવી ગયા પછી કથાને વિરામ આપી પુરાણી સ્વામી પરમહંસદાસજીએ યજમાન પરિવાર તથા ગામના ભક્તોને રૂડા આશીર્વાદ સાથે કથાના યજમાન પરિવારને ભુજ તથા માધાપર મંદિર તરફથી પહેરામણી આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ઉત્તર પૂજન કરી પોથી તથા બંને વક્તાશ્રીનું પૂજન આરતી, કીર્તન, ધૂન સાથે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી માધાપર

## કેરામાં વિવિધ ઉત્સવો

**ઠાકરથાળી :-** કરસન પ્રેમજી વાઘાણી(કેરા), માધવજી ગોવિંદ ગામી(મુંબઈ), મુરજી મનજી ભુડીયા(માધાપર) અને ખીમજી પરબત મેપાણી તરફથી તા.૨૯-૮-૧૩ના રોજ કેરા શ્રી સ્વામિનારાયણ મંદિરના ચોકમાં થાકરથાળી રાખવામાં આવી હતી.

**જન્માષ્ટમી ઉત્સવ :-** પરબ્રમ પુરુષોત્તમ શ્રી કૃષ્ણ જન્મ ઉત્સવ નિમિત્તે તા.૨૯-૮-૧૩ના રાત્રી કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવેલ સાથે ૯:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન રાસ ઉત્સવ ઓરકેષ્ટ્રા સાથે નંદ સંતો રચિત કીર્તનની રમઝટથી કરવામાં આવેલ. ઉત્સવ સમૈયાની સાથે ૧૨:૦૦ વાગ્યે જન્મોત્સવની આરતી બાદ મટકી ફોડનો કાર્યક્રમ રાખેલ જેમાં ત્રણ માળથી પાંચ માળના પીરામીડ થી મટકી ફોડ કરવામાં આવેલ. આયોજનમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો જોડાયા હતા. ભાઈઓ તેમજ બહેનો હરિભક્તો ખૂબ રાજી થયા હતા. આવેલ ભક્તોને મહાપ્રસાદ વિતરણ કરી બધા છુટા પડ્યા હતા.

અહેવાલ :- હરસીયાણી ચેતન મનજી

## શ્રી સ્વામિનારાયણ ભાઈઓના મંદિરનું ભૂમિપૂજન (નારાણપર-નીચલોવાસ)

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી અને મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી ગામ નારણપર નીચલોવાસ મધ્યે શ્રી સ્વામિનારાયણ ભાઈઓના મંદિરનું અને શ્રી સ્વામિનારાયણ હોલનું ભૂમી પૂજન કરવામાં આવ્યું હતું.

તા.૧૨-૦૯-૨૦૧૩ના સવારે ૮:૦૦ કલાકે ભુજ મંદિરેથી સંતો સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી સ.ગુ.પુરાણી સ્વામી કેશવજીવનદાસજી. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી મુકુન્દજીવનદાસજી આદિ નાના-મોટા સંતો પધાર્યા હતા.

સંતોની સાથે ભુજ મંદિરના ગોર ગુલાબ મારાજ સાથે રહીને ચરણારવિંદનું ઉસ્થાપન પૂજન કર્યું હતું. પછી સંતો અને મંદિરના ભૂમી પૂજનના દાતાશ્રી રત્ના દેવશી કેરાઈ પુત્ર નારણ રત્ના કેરાઈ સહપરિવાર તથા નારણ શીવજી વેકરીયા પુત્ર જગદીશ, રમેશ, શૈલેષ, ભરત સહપરિવાર સાથે ગુલાબ મારાજે ભૂમી પૂજન કરાવ્યું હતું.

સંતોની સાથે શ્રી સ્વામિનારાયણ હોલના ભૂમિ પૂજનના દાતાશ્રી વેલીબેન અરજણ કરસન કેરાઈ, અરજણ કરસન કેરાઈ સહપરિવાર સાથે ગુલાબ મરાજે ભૂમિ પૂજન કરાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ કર્યું હતું. મંદિરની કમિટી સાં.યોગી બહેનો, યુવક મંડળ, યુવતી મંડળ, બાલ-બાલિકા મંડળ સર્વે ગામજનોનો સાથ સહકાર મળ્યો હતો.

અહેવાલ :- કેરાઈ જાદવજી કાનજી

## માંડવીમાં ઉજવાયો જન્માષ્ટમી મહોત્સવ

માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી મંદિરના વિશાળ પટાંગણમાં ભગવાન શ્રી લીલા પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ચંદ્રની જન્માષ્ટમીનો ઉત્સવ પહેલીવાર વિશિષ્ટ રીતે ધામધૂમથી ઉલ્લાસસહ ઉજવાયો હતો.

શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધના આધારે શ્રીકૃષ્ણ ભગવાનના પ્રાગટ્યની આગામી કેટલાક રાજાઓની કથાના અંશભાગ રૂપે કથાનું શ્રવણાભિલાષી ભક્તોએ વિશિષ્ટ રીતે શ્રવણ કર્યું હતું.

પુ. સ્વામી નારાયણપ્રિયદાસજીએ વ્યાસાસને વિરાજી પોતાની આગવી શૈલીમાં કથાનું શ્રવણ કરાવતાને સાથે-સાથે એ જ કથાના પ્રસંગને અનુરૂપ રૂપકના રૂપમાં અભિનય પાત્રો સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા બાળકો દ્વારા એ કથા પ્રસંગને રજૂ કરી શ્રોતાજનોને કથામાં ગરકાવ કરેલા હતા.

કથા પ્રસંગ અંતર્ગત ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય ઉત્સવ રાત્રીના બાર વાગ્યે બાળકોના વેશભુષા સાથે "નંદઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી" આ ધૂન સાથે મટકી ફોડનો કાર્યક્રમ પણ ઉજવેલ હતો.

કથા પૂર્ણ થયા પછી સંતો ભક્તો સાથે વાજીંત્રોના તાલ સાથે બધાય ભક્તો રાસ રમ્યા હતા.

આ પ્રસંગના મુખ્ય યજમાન ગામ મસ્કાના અ.નિ. રતનબાઈ લાલજી રાબડીયા હ. પ.ભ. રામજીભાઈ લાલજી રાબડીયા સહપરિવાર રહ્યા હતા. આ યજમાનોને મંદિરના મહંત સ્વામી સદ્.સ્વામી ધર્મવલ્લભદાસજી તથા પૂજય સદ્.સ્વામી પ્રભુચરણદાસજીએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યારપછી ભગવાનના પ્રાગટ્યની આરતી થઈ હતી. પારણીયામાં ઝુલતા બાલકૃષ્ણલાલનાં દર્શન કરી. પ્રસાદમાં પંચાજીરી અને પંચામૃતનો મહાપ્રસાદ લઈ સૌ ભક્તો પોતાને ઘેર ગયા.

કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી તથા પુ. નંદકિશોરદાસજીના બતાવેલ રાહ પર આખા ઉત્સવની સજાવટ પુ.સ્વામી હરિપ્રસાદદાસજી તથા પુ. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીએ કરી હતી. કથામાં સુર આપ્યો હતો સંગીતકાર સ્વામી નિર્ભયચરણદાસજી.

## માંડવીમાં જુદા જુદા સ્થળે શિવપૂજન તથા હનુમાનજી મંદિરે ઉત્સવો ઉજવાયા

ભગવાન શ્રીહરિએ પોતાના પાવનકારી પુનિત ચરણારવિંદના ચિહ્નોની અંકિત કરેલી માંડવીની એવી મહાપુનિત ધરા પર જુદાજુદા વિસ્તારમાં ઉજવણીના પર્વ ધામધૂમથી ઉજવાયા હતા. જેમ કે નાગલપુરમાં શ્રી નાગેશ્વર મહાદેવ, તથા રાયણેશ્વર મહાદેવ, નવા ભારાપરમાં શ્રી હનુમાનજી, ભારાપરમાં મહાદેવજી તથા હનુમાનજી, ડોણમાં શ્રી જ્યોતેશ્વર મહાદેવ, માંડવી જૂની ગૌશાળામાં હનુમાનજી, માંડવી શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ તથા જખણીયા શ્રી મહાપ્રતાપશાળી ચમત્કારી ભક્તોની રક્ષણ કરનાર, સંકલ્પ પૂરા કરનાર એવા પુરાતની શ્રી બાલાજી હનુમાનજીની ઉજવણીમાં ગામે ગામથી હજારો ભક્તોની ભીડ જામી હતી ને રાસોત્સવ રમી હનુમાનજીને રાજી કર્યા. પછી માંડવી ભૂતનાથ મહાદેવ અને અંતિમ ઉજવણી સમુદ્ર તટે પવિત્ર મીઠી વીરડીએ કરવામાં આવી હતી. એમાં ઘણા ભક્તોની ભારે ભીડ થઈ હતી. અને તબલા ઝાઝ પખાજ સાથે સંતો ભક્તો સાથે મળી રાસોત્સવ કર્યો. આ પ્રસંગે માંડવી મંદિરના મહંત સ્વામી સદ્.પુ. ધર્મવલ્લભદાસજી તથા વડીલ સદ્. સ્વામી પ્રભુચરણદાસજી દર્શનનો લાભ આપ્યો હતો. તથા આ પ્રસંગના આયોજનમાં કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. અંજાર શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યથી પૂજ્ય વિદ્વદ્વર્ય પુ. સ્વામી શ્રીહરિદાસજી આદિ સંતો પધારી દર્શન તથા શુભાશીર્વાદ પાઠવી ભક્તોને આનંદિત કર્યા. તેમજ ભુજથી સદ્. સ્વામી સનાતનદાસજી તથા સંસ્કારધામથી શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી પધારી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગના યજમાન ગામ પિયાવાના પ.ભ. લાલજીભાઈ મનજી ગાજપરીયા તથા ગામ પિયાવાના પ.ભ. શામજીભાઈ નારણ છભાડીયા રહ્યા હતા.

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પારલે મુંબઈ મધ્યે વિવિધ ઉત્સવો

તા. ૨૫-૮-૧૩ રવિવારના રોજ ચાતુર્માસ દરમિયાન ચાલતી શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે રૂક્ષ્મણી વિવાહ વિધિસર ભૂદેવો દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં યજમાન પદે ખીમજી પુનશી ડાહ્યા નીશર સહપરિવાર રહ્યા હતા. આ રૂક્ષ્મણી વિવાહના કથાના વક્તા પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ નંદસંતો રચિત વિવાહના કીર્તનો સુમધુર સ્વ સંગીતના તાલે ગાઈ ભક્તોને આનંદિત કર્યા હતા. બાદમાં સહુ હરિભક્તોએ ભોજન રૂપી મહાપ્રસાદ લીધો હતો.

**જન્માષ્ટમી :-** તા.૨૮-૮-૧૩ બુધવારના રોજ જન્માષ્ટમી મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભુજથી સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી તથા પુ.સ્વામી બ્રહ્મમુનિદાસજી પધાર્યા હતા. આ પ્રસંગે રાત્રે ૮:૦૦ થી ૧૨:૩૦ દરમ્યાન પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ વક્તા પદે રહી શ્રીમદ્ ભાગવત અંતર્ગત ધ્રુવ, પ્રહ્લાદ, પરશુરામ, આખ્યાન સાથે શ્રી કૃષ્ણ પ્રાગટ્યની કથાનું રસપાન કરાવ્યું હતું. જેમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા ઘનશ્યામ બાળ મંડળના બાળકો અને યુવાનો દ્વારા વિવિધ વેશભુષા સાથે પાત્ર અભિનય કરી હરિભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા અને શ્રી કૃષ્ણ પ્રાગટ્યના સમયે ''નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી'' ના જયનાદ સાથે ચારે દિશાઓ ગુંજી ઊઠી હતી. તથા બાળકો અને યુવકોએ મટુકીફોડ કરી સહુહરિભક્તોને દહીં, દૂધ અને માખણથી ભીંજવ્યા હતા. બાદમાં પારણે ઝુલતા ઠાકોરજીની આરતી કરી સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજીએ ઉત્સવના યજમાન પ.ભ. માતુશ્રી કોરઈબેન પૂંજાભાઈ નીશર તથા સાવીત્રીબેન ઘનશ્યામભાઈ નીશર, સુપુત્ર હરેશ, વિમલ તથા ભદ્રેશ સહપરિવાર અને સર્વે હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર ઉત્સવનું સભા સંચાલન કોઠારી પુ.સ્વામી પરમેશ્વરદાસજીએ કર્યુ હતું. ઉત્સવ સમાપ્તિ બાદ કોઠારી સ્વામી કૃષ્ણચરણદાસજીના માર્ગદર્શન હેઠળ પંચામૃત અને પંચાજરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

**યુવક સભા :-** તા.૧-૯-૧૩ રવિવારના રોજ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સામુહિક સભા રાખવામાં આવી હતી અને ટી.વી. સમાજ માટે આભૂષણ છે કે દૂષણરૂપ છે એ વિષય પુ. સ્વામી બ્રહ્મમુનિદાસજીએ પ્રેઝન્ટેશન દ્વારા રજુ કર્યો હતો. અને ચાર યુવકો દ્વારા ટી.વી.ના સારા તથા ખરાબ પાસા વિષે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં હરિભક્તોને ઘણું જાણવા મળ્યું હતું.

અને અંતે સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજીએ સમજાવ્યું હતું કે જીવનમાં ટી.વી.નો ઉપયોગ કઈ કઈ રીતે કરીએ જેથી આપણને તથા સમાજને ટી.વી. હાનિકર્તા સાબિત ન થાય અને સમતુલા જળવાઈ રહે. બાદમાં હરિભક્તોએ ભોજન રૂપી મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

ગણેશ ચતુર્થી તા.૯-૯-૧૩ સોમવારના રોજ ગણેશ ચતુર્થીનો ઉત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે ભુજથી પધારેલ સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી દ્વારા ગણપતિ સ્થાપના પૂજન કરવામાં આવ્યું હતું. શ્રી ધીરજભાઈ રાયશી નીશર તથા સુપુત્ર કૌશિક-મયુર સહપરિવાર યજમાન પદે રહ્યા હતા. એજ દિવસે લંડન સત્સંગ પ્રવાસથી પધારેલ ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીએ ગણેશજીની આરતી ઉતારી હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા. તથા તા.૧૦-૯-૧૩ના કેનેડા સત્સંગ પ્રવાસથી પધારેલ અમદાવાદ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ગણપતિજીની આરતી ઉતારી સહુ હરિભક્તોને ગણપતિજીનું મહત્ત્વ સમજાવી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

## રાત્રી સત્સંગ સભા (ભક્તિનગર ઉત્સવો)

શ્રી સ્વામિનારાયણ મંદિર ભક્તિનગર માનકુવા મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મંદિરની કમિટી તેમજ સાંખ્યયોગી બાઈઓના સાથ સહકારથી ભુજ મંદિરના સંતો દ્વારા રાત્રી સભાનું તા. ૨૯-૮ થી ૪-૯ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસના સાત સંતોના મુખે સુમધુર વાણીમાં નિષ્કુળાનંદ સ્વામી રચિત "ધીરજાખ્યાન" ની કથાનું રસપાન કરાવ્યું હતું. છેલ્લે દિવસે પુરાણી સ્વામી શાંતિપ્રિયદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. સાત દિવસ સુધી પ્રસાદીના યજમાન અલગ અલગ રહ્યા હતા.

## ઋષિપંચમી : નારણપર નીચલોવાસ-ઉપલોવાસમાં મહાપૂજા

ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી ભદરવા સુદ-૫ એટલે કે ઋષિ પાંચમ આ દિવસ બહેનો માટે વિશેષ હોય છે. તે દિવસે સાં.યોગી બાઈઓની આજ્ઞાથી ગામના બહેનો વહેલી સવારે મહાપૂજામાં જોડાય જોડાયા હતા. મહાપૂજા પૂર્ણ થયા બાદ પ્રસાદીના ગંગાજી તળાવ કે સરોવરમાં સ્નાન કરવા ગયેલ. સ્નાન કરી ભગવાનના દર્શન કરીને સાં.યોગી બહેનોને વંદન કરી સર્વે બહેનો એકબીજાને હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ કહી પોતાના કાર્યમાં જોડાયાં હતા.

ઋષિપંચમીના દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના કે રજસ્વલા ધર્મનું પાલન કરનારના જીવનમાં ક્યારેક જાણે અજાણે ધર્મ લોપાયો હોય તો આ વ્રત કરવાથી મહારાજ રાજી થાય અને સમ્પૂર્ણ વર્ષ દરમ્યાન ધર્મ દઢતાથી પાલન કરવાનું બળ આપો એજ.

અહેવાલ :- કેરાઈ પૂરબાઈ જાદવજી

## શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વેકરા જનમાષ્ટમી ઉત્સવ

વેકરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા.૨૮-૮-૧૩ના રોજ જનમાષ્ટમી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમાં વડીલો, યુવાનો, બાળકો ભોગા મળીને બહુ આનંદથી ઉત્સવ ઉજવ્યો હતો.

તેમાં સૌ પ્રથમ સત્સંગિજીવન શાસ્ત્રનું શ્રવણ કર્યુ હતું. ત્યારબાદ કીર્તન, ધૂન પણ કર્યા હતા. પછી મંદિરના ચોકમાં રાસોત્સવ ઉજવ્યો હતો. ત્યારબાદ વડીલો અને યુવાનો ભેગા મળીને સમૈયોત્સવ કર્યો હતો. બરોબર ૧૨:૦૦ વાગ્યે સૌ પ્રથમ શ્રી કૃષ્ણ ભગવાનને થાળ ધર્યા અને ત્યારબાદ આરતી ઉતારીને કૃષ્ણભગવાનનો જન્મોત્સવ કર્યો. બધા ભક્તોએ કૃષ્ણ ભગવાનને પારણયામાં ઝુલાવ્યા હતા. ત્યારબાદ મટકીફોડનું આયોજન રાખેલ હતું. તેમાં યુવાનો દ્વારા જ મટકી ફોડી હતી.

જન્મોત્સવબાદ સૌ ભક્તો પ્રસાદ લઈને છૂટા પડ્યા હતા.

લી. ભાવેશ ભુડીયા

## ભારત સત્સંગ વિચરણ

લગભગ ૩૨ વર્ષથી દર વર્ષે ભારતદેશના અલગ અલગ રાજ્યોમાં રહેતા કચ્છના સત્સંગિઓની સત્સંગ-કથાવાર્તાથી સંભાળ લેવા માટે ભુજ મંદિરના સંતો જાય છે તેમ આ વર્ષે પણ તા.૨૧-૯-૨૦૧૩ શનિવારના રોજ શ્રી નરનારાયણાદિ દેવોના દર્શન કરી પ.પૂ. મહંત સ્વામી આદિ વડીલ સંતોના આશીર્વાદ લઈ સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી સ્વામીના મંડળના સંતો સ.ગુ. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, પુ.સ્વામી સંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, પુ. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, પુ. સ્વામી વેદપ્રકાશદાસજી તથા સ્વામી વ્યાસમુનિદાસજી આદિ સંતો તથા ૩ ભક્તો ૭ મહિનાના લાંબા સત્સંગ વિચરણ દરમ્યાન ભક્તોને કથાવાર્તા, પારાયણ, મહાપૂજા વગેરેનાં આયોજનો કરશે.

સંતોનો સંપર્ક - ૦૯૪૨૭૨૦૯૩૯૩

## પ્રાર્થના

આફ્રિકાના નાઈરોબી શહેરમાં સોમાલિયન આતંકવાદીઓના અચાનક હુમલાથી ૬૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાં ગુજરાતના લોકોનો પણ સમાવેશ થાય છે. જેમાં કચ્છ નારણપરની એક દીકરી નેહા પણ શ્રીજી મહારાજના ધામમાં ગઈ છે. તો અહીંથી પ.પૂ. મહંત સ્વામીએ આ હુમલામાં માર્યા ગયેલા દરેકને સદ્ગતિ મળે એ માટે ભગવાન શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી છે. અને સંતોએ વિદેશમાં વસતાં ભારતીયોને સાંત્વના આપી છે.

ગામ નારણપરની દીકરી (ઉંમર ૧૬)ના આત્માને શ્રીજી મહારાજ પોતાના ચરણનું સુખ આપે અને અચાનક આપત્તિમાં આવેલ તેમના પરિવારજનોને વિયોગ સહન કરવાનું બળ આપે એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

અહેવાલ :- તંત્રી શ્રી

## પંચાહ્ન પારાયણ

માંડવી શ્રી વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં પંચાહ્ન પારાયણનું આયોજન થયેલું. એના યજમાન અ.નિ. જાદવાભાઈ ધનજી ભંડેરીની પૂણ્ય સ્મૃતિમાં એમના સુપુત્ર શામજીભાઈ તથા નારણભાઈ તથા ખીમજીભાઈ રહ્યા હતા. તા. ૩-૭-૧૩ થી તા. ૭-૭-૧૩ સુધી આ કથાના વક્તા પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુ. સ્વામી હરિપ્રસાદદાસજી રહી પોતાની સુમધુર ભાષામાં શ્રી સહજાનંદ સ્વામીના દિવ્ય લીલા ચરિત્રોથી સભર શ્રી વાસુદેવાનંદ બ્રહ્મચારી રચિત શ્રી સત્સંગિભૂષણની કથાનું શ્રવણ કરાવી ચરિત્રોમાં ગુલમતુર કર્યા. ગરકાવ કર્યા.

## હિંડોળા ઉત્સવ

ભક્તિનગર સ્વામિનારાયણ મંદિરને આંગણે સૌ પ્રથમ વાર ૧૨ હિંડોળાનું આયોજન તા. ૪-૮-ના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આપણા ભુજ મંદિરેથી સંતો હરિબળદાસજી સ્વામી, દિવ્યસ્વરૂપદાસજી સ્વામી અને સહજાનંદ ગુરુકુળથી સંતો પધાર્યા હતા. માવજી રવજી ભુડીયા ઉંચો આંક આપીને ચડાવો લીધો હતો. આઠ હિંડોળા અને સંજીવની હિમાલયનું દશ્ય બનાવ્યું હતું. આ આયોજનથી સંતો ખૂબ રાજી થયા હતા. સેવા કરનાર કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોને સંતોએ બિરદાવ્યા હતા.

અહેવાલ :- જોધાણી દેવજી પ્રેમજી - ભક્તિનગર

## પંચાહ્ન પારાયણ

માંડવી મંદિરમાં તા. ૧૨-૯-૧૩ થી ૧૬-૯-૧૩ સુધી ગામ અ.નિ. વાલબાઈ વિશ્રામ ભુડીયા તથા પ્રેમબાઈ વિશ્રામ ભુડીયા હ. મનસુખભાઈ વિશ્રામ ભુડીયા ધ.પ. વિજ્યાબેન સુત મેહુલ ધ.પ. શિક્ષાબેન આદિ પરિવારે પંચાહ્ન પારાયણનું આયોજન કરેલું. એમાં વ્યાસને વિરાજી પુ. સ્વામી નારાયણપ્રિયદાસજી તથા પુ. સ્વામી હરિપ્રસાદદાસજીએ સુમધુર શૈલી ભાષામાં નિષ્કુળાનંદ સ્વામી રચિત નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત હરિબળગીતા તથા ભક્તિનિધિ નામે ગ્રંથનું દષ્ટાંત સિદ્ધાંત સાથે કથા શ્રવણ કરાવી ભક્તોને રાજી કર્યા.

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર રાજ્ય કક્ષાએ ચેમ્પિયન અને રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી

રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ આયોજિત તા.૧૬-૮-૧૩ના રાયધણપર મુકામે જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ ‘થ્રો-બોલ’ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ મેડિકલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ છાંગા પૂનમ કાનજીભાઈ (ધાણેટી), જરુ પૂજા શંભુભાઈ(ભુજ), કેરાઈ ઉર્વશી મનજીભાઈ(માંડવી), મેપાણી પલ્લવી નારણભાઈ(સુરજપર), ટાંક બંસીતા હરીશભાઈ(સિનોગ્રા), ગોરસીયા રીમાન્સી ભાખીલાલ(સુખપાર), વેકરીયા પૂનમ કલ્યાણભાઈ(હરિપર)ની વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ જિલ્લા કક્ષાએ કચ્છનો ડંકો વગાડ્યો હતો. ત્યારબાદ અમરેલી જિલ્લાનાં બગસરા ખાતે રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી તેમાં શાળાની આ વિદ્યાર્થિનીઓએ રમતગમત ક્ષેત્રે પોતાનું કૌવત દેખાડી રાજ્યકક્ષાએ ચેમ્પિયન થયા હતા. અને હવે શાળાની છ વિદ્યાર્થિનીઓ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. શાળાની વિદ્યાર્થિનીઓએ રમતગમત ક્ષેત્રે આ સોનેરી સિધ્ધિ હાંસિલ કરી. તે બદલ ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો અને શાળાના આચાર્યાશ્રી, રમતગમતના કોચ શ્રી રશ્મિતાબેન વિરડા તેમજ સમસ્ત શિક્ષકગણે વિદ્યાર્થીનીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી અને સોનેરી સિધ્ધિઓ હાંસિલ કરતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- પ્રવિણભાઈ પિંડોરીયા

**ચાલો ભુજ** ।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।। **પધારો ભુજ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ–સંચાલિત**

**કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આયોજીત**

# દશાબ્દી શિબિર – ૨૦૧૩

**સંવત–૨૦૭૦ તા.૮–૧૧–૨૦૧૩ થી ૧૨–૧૧–૨૦૧૩ કાર્તક સુદ ૬થી૧૦ સુધી શ્રી નરનારાયણદેવના દરબારમાં કચ્છ સત્સંગના સમગ્ર શ્રી નરનારાયણદેવના યુવાનો માટે આજથી દશ વર્ષ પહેલાં સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી દ્વારા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના વિદેશમાં કરવામાં આવેલી. તેને આજે દશ વર્ષ પૂર્ણ થતાં ભુજમાં પંચદિનાત્મક દશાબ્દી શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.**

**સ.ગુ.પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજીભગત આદિ વડીલ સંતોના આશીર્વાદથી સમગ્ર દેશ અને વિદેશમાં વસતાં હજારો યુવાનો ૧૫ થી ૫૫ વર્ષ સુધીનાં આ શિબિરમાં જોડાશે. અને સંતોના સાંનિધ્યમાં રહી જીવનમાં સત્સંગનું બળ ભરશે.**

**બપોર પછીના સત્રમાં દરરોજ બધાજ બહેનો પુરુષો ભાગ લઈ શકશે. અને પાંચમા દિવસે બપોર પછી સમગ્ર યુવતી મંડળની બહેનો સાં.યો. બહેનોનાં સાંનિધ્યમાં જોડાઈ સત્સંગનો લાભ લેશે. તો આ ઉત્સવને ધ્યાનમાં રાખી તમારાં કાર્યો માટે સમયની અનુકુળતા કરી શિબિરનો સંપૂર્ણ લાભ લેવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.**

**અહેવાલ :- કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાર્યાલય – ભુજ**

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર, એલ્ડોરેડ : ટ્રસ્ટીઓની વરણી

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે તા.૨૩-૬-૨૦૧૩ના રવિવારના રોજ મંદિરના હોલમાં મિટીંગ રાખવામાં આવેલ હતી. મિટીંગમાં સાલ ૨૦૧૧,૨૦૧૨ના આવક જાવકના હિસાબ સંભળાવ્યા બાદ નવી કમિટીની રચના કરવામાં આવી હતી. તેમાં એલ્ડોરેટ, વબુયે, કિટાલેના સર્વે હરિભક્તો ભાઈઓ તથા બહેનોને અને સૌ હરિભક્તોએ ખૂબ સારો સાથ અને સહકાર આપેલ હતો. સર્વે હરિભક્તોની હાજરીમાં મંદિરના નવા ટ્રસ્ટીઓ તથા પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, વાઈસ સેક્રેટરી, ખજાનચી તથા સભ્યોની વરણી થઈ હતી. તેના નામ નીચે મુજબ છે.

**મંદિરના ટ્રસ્ટીઓ**

૧)રામજીભાઈ દેવજી વેકરીયા ગામ- નારણપર
૨) શીવજીભાઈ વિરજી કેરાઈ ગામ-નારણપર
૩) રવજીભાઈ મનજી હિરાણી ગામ-સુખપર
૪) સામજીભાઈ નારણ પીંડોરીયા ગામ- માંડવી
૫) કાનજીભાઈ વિરજી કેરાઈ ગામ- નારણપર

**મંદિરના કાર્યવાહક કમિટીના સભ્યો**

૧)ચેરમેન - રામજીભાઈ દેવજી વેકરીયા
૨) વાઈસ ચેરમેન - શીવજીભાઈ વિરજી કેરાઈ
૩) સેક્રેટરી - નારણભાઈ લાલજી હિરાણી
૪) વાઈસ સેક્રટરી - અનિલભાઈ રામજી વેકરીયા
૫) ટ્રેઝરર - નિતેશભાઈ ધનજી હિરાણી
૬)વાઈસ ટ્રેઝરર - સામજીભાઈ નારણ પીંડોરીયા

**સભ્યો**

૧) ભીમજીભાઈ મનજી આસાણી
૨) લાલજીભાઈ પ્રેમજી વેકરીયા
૩) કિરિટભાઈ કાનજી વેકરીયા
૪) કિશોરભાઈ ગોવિંદ ગોરસીયા
૫) કાનજીભાઈ વિરજી કેરાઈ

લી. સેક્રેટરી નારણભાઈ લાલજી હિરાણીના
જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વીચનો ૨૫મો વાર્ષિક પાટોત્સવ. 'રજત જયંતી મહોત્સવ' ધામધૂમથી ઉજવાયો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરને ૨૫ વર્ષ થતાં રજતજયંતી ઉત્સવનો શુભ પ્રારંભ તા.૧૮-૦૮-૧૩ પોથીયાત્રાનો કાર્યક્રમથી કરવામાં આવેલ તેમાં ભુજ મંદિરના સંતો તથા પારાયણના યજમાનશ્રીઓના સાંનિધ્યમાં વાજતે ગાજતે સભા મંડપમાં પોથીશાસ્ત્ર વ્યાસપીઠની બાજુમાં પધરાવવામાં આવેલ.

તા. ૧૯-૦૮-૧૩ શ્રીમદ્ ભાગવત પંચમ અને દશમ સ્કંધની સપ્તાહ પારાયણનો પ્રારંભ સવારના ૮:૦૦ કલાકે થયો તેમાં તમામ પારાયણના યજમાનશ્રીઓ સ્થાપન વિધિમાં જોડાયા હતા. ત્યારબાદ પુ. સ્વામી ભક્તવત્સલદાસજી પોતાની સુરીલી ભાષામાં કથામૃતનું પાન કરાવેલ. અને શ્રોતાગણ ધ્યાન પૂર્વક કથા શ્રવણ કરેલ. ત્યારબાદ મહંત પુ.સ્વામી ધર્મનંદનદાસજી સાથે તમામ સંત મંડળ સાથે યજમાનશ્રીઓના વરદ્હસ્તે પ્રદર્શનનું ઓપનીંગ કરવામા આવેલ, ત્યારબાદ શીવપૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ તે સાઉથ ભારતથી પધારેલા પવિત્ર બ્રાહ્મણોના માર્ગદર્શન હેઠળ પૂજનમાં ભાગ લઈ રહેલા યજમાનશ્રીઓએ લાભ લીધો હતો. સાંજના કથા શ્રવણ પુ. સ્વામી હરીમુકંદદાસજી પોતાની શૈલી ભાષામાં સંભળાવેલ.

તા. ૨૦-૦૮-૧૩ સવારના ૯:૦૦ કલાકે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કૌશેલેન્દ્રપ્રસાદજી મહારાજ પધાર્યા તેમનું વાજતે ગાજતે સામૈયું કરવામાં આવેલ. મોટા પ્રમાણમાં ભક્તજનો ભાઈઓ-બહેનો-યુવકો જોડાયા હતા. પૂ. મહારાજ શ્રી સંત મંડળ સભામાં પધાર્યા. ભગવાનની આરતી કરી પોતાના સ્થાને બિરાજમાન થયા. પ.પૂ. મહંત સ્વામીએ તેમનું હાર્દિક સ્વાગત કરેલ. પ.પૂ. મહારાજશ્રીએ સભામાં તમામ ભક્તજનોને દર્શન આપેલ અને સાંજના કથા પ્રસંગમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વુલ્વીચ તરફથી કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં સત્સંગ ક્લાસમાં સખત મહેનત કરી સત્સંગમાં આગળ આવ્યા છે તેમને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના પ.પૂ. મહંત સ્વામીના હસ્તે એવોર્ડ આપવામાં આવેલ, અને આ ઉત્સવમાં જે ભક્તજનો પ્રેમભાવથી સેવા આપેલ તેમને મંદિર વતી પહેરામણી કરવામાં આવેલ.

આપણા મંદિરના યુવક મંડળ તરફથી "મેરે મહારાજા" ભજન સી.ડી.નું પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવેલ તથા આપણા મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવમાં જે વિડિયો તૈયાર કરવામાં આવેલ તેની REMASTERED DVD તૈયાર કરી બહાર પાડવામાં આવેલ તથા ૨૫માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સુવીનીયરનું પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના વરદ્ હસ્તે વિમોચન કરવામાં આવેલ.

તા. ૨૧-૦૮-૧૩ના સવારથી કથા પ્રસંગમાં પુ. આચાર્ય મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના આપણા મહંત સ્વામીએ સભાજનોને આશીર્વાદ આપ્યા હતા. પાટોત્સવનો મુખ્ય દિવસ શ્રાવણસુદ ૧૫ રક્ષાબંધન હોવાથી કથા પ્રસંગ બાદ શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના પ.પૂ.મહંત સ્વામી સાથે તમામ સંતો તથા યજમાનશ્રીઓ ગામ અંજારના અ.નિ. ધનજીભાઈ અરજણ હીરાણી, હ.તેમના સુપુત્રો સામજીભાઈ તથા હરીશભાઈ તથા મહેશભાઈ સહ પરિવાર તથા શ્રી શીવજીભાઈ ધનજી સહ પરિવાર વધુ આંક આપી અભિષેક તથા અન્નકૂટના યજમાન પદનો લાભ લીધો હતો. પૂ. મહારાજશ્રી તથા પૂ. મહંત સ્વામી તથા યજમાનશ્રીઓના હસ્તે અભિષેક તથા અન્નકૂટ દર્શનની આરતી ઉતારવામાં આવેલ.

ત્યારબાદ સાંજે કથા બાદ ઠાકરથાળી ઉત્સવ ફ્રુટ ફેકટરીમાં કામ કરતાં સત્સંગી બહેનો તરફથી રાખવામાં આવેલ અને રાસોત્સવનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં ભાઈઓ બહેનો જુદા જુદા વિભાગમાં રાસની રમઝટ બોલાવી હતી. ભાઈઓના વિભાગમાં સંતો પણ રાસમાં જોડાયા હતા. અને ઉત્સાહથી રાસ રમ્યા અને ભગવાનને તેમજ સંતોને રાજી કર્યા અને ભક્તજનો રાસનો આનંદ માણ્યો હતો.

તા.૨૨-૦૮-૧૩ના આજે સાજના કથા પ્રસંગમાં ભગવાન શ્રી કૃષ્ણનો પ્રાગટ્યનો પ્રસંગ હોવાથી શ્રી કૃષ્ણજન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. રાત્રે સત્સંગી બહેનો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં જુદા જુદા કાર્યક્રમો રાખવામાં આવેલ જેમાં નાની બાલિકાઓએ પણ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા.

તા.૨૩-૦૮-૧૩ આજે આ ઉત્સવના મુખ્ય કાર્યમાં શ્રી વિષ્ણુયાગનો કાર્યક્રમ રાખવામાં આવેલ જે શ્રી હેરો સ્વા. મંદિરના પુજારી દિનેશ મહારાજના માર્ગદર્શન હેઠળ આ વિષ્ણુયાગનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં મોટા પ્રમાણમાં યજમાનશ્રીઓ આ મંગલ કાર્યક્રમનો લાભ લીધો હતો.

સાંજની કથા પ્રસંગ બાદ કીર્તન ભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વુલ્વીચના યુવકોએ પોતાના મધુર કંઠે કીર્તનો સંભળાવ્યા અને ભુજ મંદિરના ગવૈયા સંત શ્રીજીનંદનદાસજી પોતાના મધુર કંઠે કીર્તનો સંભળાવી ભક્તજનોને રાજી કર્યા હતા. તેમજ પુ. સ્વામી હરીમુકુંદદાસજીએ થોડી રમૂજની વાતો રજૂ કરી ભક્તજનોને આનંદિત કર્યા હતા.

તા.૨૪-૦૮-૧૩ સવારની કથા પ્રસંગમાં ભુજ મંદિરના પુ. મહંત સ્વામીના હસ્તે તેમના

આશીર્વાદ પત્ર શ્રી સ્વામિનારાયણ મંદિર વુલ્વિચ મંદિરના કાર્ય કર્તાઓને અર્પણ કરેલ. ભક્તજનો ખૂબ જ રાજી થયા અને પુ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજીએ એ આશીર્વાદ પત્ર સભાજનોને સંભળાવેલ.

આ ઉત્સવ પ્રસંગમાં શોભાયાત્રાનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં આખા યુ.કેમાં રહેલા આપણા હરિભક્તો આ શોભાયાત્રામાં જોડાયા હતા. અને યુ.કે.માં આપણા તમામ મંદિરોના મંડળીઓ તથા બેન્ડપાર્ટી, લેઝીમ વગેરે જુદા જુદા પ્રકારના વાજિંત્રો લઈ આવેલા અને શોભાયાત્રામાં વગાડી તેનો આનંદ માણ્યો હતો. અહીંના યુવકો તથા યુવિકાઓ સુંદર મજાના વાહનો શણગારી આ શોભાયાત્રામાં જોડાયા હતા. શણગારેલા વાહનોમાં ભગવાનની મૂર્તિઓ તથા સંતો બિરાજમાન રહી તમામ દર્શનાર્થીઓને દર્શન આપેલા અને મોટા પ્રમાણમાં આ શોભાયાત્રા જોવા માટે લોકો આવેલા હતા તેમાં ઘણા અંગ્રેજી માણસો હતા. વાજતે ગાજતે શોભાયાત્રા મંદિરના પ્રાંગણમાં આવેલી ત્યારે માઘરાજાની પધરામણી થઈ અને આનંદમય વાતાવરણમાં શોભાયાત્રા સમ્પન થયેલ.

સાંજના કથા પ્રસંગમાં મંદિરના નીચેના હોલમાં રૂક્ષ્મણી વિવાહનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. ત્યારબાદ અહીંના યુવક ભક્તજનો તરફથી રૂપકનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં યુવકોએ ખૂબ મહેનત કરી આ રૂપક કાર્યક્રમની રજૂઆત કરેલ.

તા.૨૫-૦૮-૧૩ આજે કથા પારાયણનો સમાપ્તિનો દિવસ આજે કથા પ્રસંગમાં પુ. વડીલ સંતોએ તમામ સભાજનોને આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ મંદિરના શિખર પર નવી ધ્વજા રોપણ કરવામાં આવ્યું હતું. જેમના યજમાન ગામ માંડવીના પ.ભ. મેઘજીભાઈ ધનજી હાલાઈ સહપરિવાર તથા પ.ભ. સામજી ધનજી હાલાઈ સહપરિવારે લાભ લીધો હતો. ત્યાર પછી પારાયણના યજમાનશ્રીઓએ પારાયણની સમાપનની આરતી બાદ રફ્ફલે ડ્રો રાખવામાં આવેલ અને એમાં વિજેતાઓને ઈનામો આપવામાં આવેલ.

અંતમાં આ ઉત્સવમાં તમામ ભક્તજનોએ ખુબજ તન,મન, ધનથી સેવાઓ કરેલ તેમનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવેલ.

લી. મંત્રી શ્રી હીરજીભાઈ કાનજી ભુડીયા તથા યુવક વાસુદેવ રામજી પાંચાણીના જય શ્રી સ્વામિનારાયણ

## "ઈસ્ટ લંડનમાં આજે ઉત્સવ થાય નરનારી હેતે હરિવર પૂજવાને જાય"

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન દ્વારા આયોજીત દશાબ્દી-રજત જયંતી મહોત્સવની શાનદાર ઉજવણી તા.૨૬-૮-૨૦૧૩ થી તા.૧-૯-૨૦૧૩.

અમદાવાદ દેશ શ્રી નરનારાયણદેવ ગાદી પિઠાધિપતિ પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તથા ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પ.પૂ. સદ્. પુરાણી સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અન્ય સંતોના ખૂબ રૂડા આશીર્વાદથી શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન ખાતે નિર્મિત થયેલ મંદિરને ૨૫-૨૬ વર્ષ અને બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજ ની પ્રાણપ્રતિષ્ઠાનાં ૧૦-૧૧ વર્ષ પૂર્ણ થયાં એ નિમિત્તે તા. ૨૬-૮-૨૦૧૩ થી તા. ૧-૯-૨૦૧૩ દરમ્યાન દશાબ્દી રજત જયંતી મહોત્સવ અતિ ભવ્ય રીતે ધામધૂમથી ઉજવાઈ ગયો.

મહોત્સવની પૂર્વ સંધ્યાએ તા. ૨૫-૮-૨૦૧૩ના રોજ સાંજના સમયે ભુજથી પધારેલ વિશાળ સંતવૃંદ, હરિભક્તો નાં બહોળા સમુદાયના સાંનિધ્યમાં યજમાન શ્રી દ્વારા પોથીઓને મસ્તક ઉપર ધારી બેન્ડ, વાજા અને સંગીતની સુરાવલીઓનાં દિવ્ય વાતાવરણમાં મુખ્ય સભા મંડપમાં પધરાવી પૂજન વિધિ કરવામાં આવી. ત્યારબાદ મંદિરમાં વિજય સ્તંભ રોપી વિજય ધ્વજા ફરકાવવામાં આવ્યો. તે વેળાએ બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા મહોત્સવની નિર્વિઘ્ન ઉજવણી માટેના રૂડા આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે દેવોની આરતી થાળ વિધિની સમાપ્તી બાદ પ.પૂ. સદ્.સ્વામી બાલકૃષ્ણદાસજી તથા પૂ. સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી તથા સંતવૃંદ, કથા પારાયણના વક્તા શ્રી પ.પૂ. શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી અને અન્ય વિદ્વાન સંતો, દેશ-વિદેશથી પધારેલા માનવંતા મહેમાન મહાનુભાવો તથા વિશાળ સંખ્યામાં હરિભક્તોની ઉપસ્થિતિ વચ્ચે નંદ સંતોના કીર્તનોની સંગીત સુરાવલી અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂનના જયઘોષ વચ્ચે શ્રીજી મહારાજના લીલા ચરિત્રો તથા ઉપદેશામૃતથી ભરપૂર શ્રીજી મહારાજની હયાતિનાં પ્રત્યક્ષ પ્રમાણરૂપ ગ્રંથરાજ "શ્રીમદ્ સત્સંગિજીવન" શાસ્ત્રની સપ્ત દિનાત્મક કથાની શરૂઆત કરવામાં આવી હતી.

બપોરપછીના સત્રમાં બાલસ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન વિધિ કરવામાં આવી. તેમાં બ્રહ્મનિષ્ઠ સંતો શાસ્ત્રોનાં મંત્રો દ્વારા સ્તુતિ અને પૂજનની મહાઅલૌકિક અને ભાવસભર વિધિ થઈ. મહોત્સવનાં યજમાનો સહિત વિશાળ સંખ્યામાં હરિભક્તોએ વિધિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિવિધ પ્રકારનાં પુષ્પો દ્વારા બાલસ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજનું પૂજન થયું. ત્યારબાદ શ્રીજી મહારાજને પાલખીમાં પધરાવી વાજતે ગાજતે નગરયાત્રા કરાવી મંદિરમાં પધરાવવામાં આવ્યાં હતા.

મંદિર દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી ચાલતી ગુજરાતી શાળા "સહજાનંદ સ્કૂલ"ના માધ્યમથી બાળકોના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવેલ વિવિધ પ્રવૃતિઓની આછી ઝલક વિડિયો દ્વારા શ્રોતાઓ સમક્ષ રજૂ કરવામાં આવી. વિદેશમાં વસવાટ અને ભૌતિકવાદી જીવન શૈલીમાં પણ બાળકો ભારતીય ભાષા ગુજરાતીને જીવંત રાખી છે તેનો અહેસાસ થયો. તે મૂક સંદેશો પાઠવ્યો કે જે પોતાની માતૃભાષા ભૂલી જાય છે તે પોતાની સંસ્કૃતિ અને જાતને પણ ભૂલી જાય છે. અંતમાં શ્રી દિતકરભાઈ મહેતા દ્વારા શ્રોતાજનોએ હસ્ય રસની મોજ માણી હતી.

આ દિવ્ય પ્રસંગે હરિભક્તોના આમંત્રણને માન આપીને અમદાવાદ કાલુપુર મંદિરનાં મહંત પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ સંતવૃંદ સાથે સંપૂર્ણ હાજરી આપી કથાની દિવ્યતામાં અભિવૃધ્ધિ કરી હતી. પૂ. મોટા મહારાજશ્રીએ પ્રાસંગિક પ્રવચનમાં રૂડા આશીર્વાદ આપ્યા. મંદિર ઉત્તરોતર પ્રગતિ કરે તેવી મનોકામના વ્યક્ત કરી સુખી થવા માટે શ્રી નરનારાયણદેવની નિષ્ઠા રાખવા માટે અનુરોધ કર્યો. શ્રી નરનારાયણદેવના થઈને રહેવાની ભલામણ કરી હતી.

પૂજ્ય મંહત સ્વામીએ હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. જહેમતની ભારોભાર પ્રશંસા કરી સર્વાંગી વિકાસ માટેના ખૂબ રૂડા આશીર્વાદ આપ્યા હતા. કોઠારી પાર્ષદ શ્રી જાદવજીભગતે પણ પ્રાશંગિક પ્રવચનમાં ઉત્સવને અનુરૂપ વાત કરીને નિશ્ચયમાં દૃઢતા કરવાનો અનુરોધ કર્યો હતો.

પ.પૂ. સદ્. બાલકૃષ્ણદાસજી સ્વામીએ કથા પ્રસંગને અનુરૂપ વાત કરતાં જણાવ્યું કે બાલપ્રભુ ઘનશ્યામ મહારાજે પિતાશ્રીની વાત માની ગૃહત્યાગ કર્યો હતો. આજના યુવાનો માતા-પિતાની આજ્ઞા માનવામાં અને મંદિર આવવામાં આળસ કેમ કરી જાય છે તે સમજાતું નથી. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીએ પ્રસંગોચિત સર્વેને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

ઉત્સવ દરમ્યાન રાત્રીનાં સમયે ઈસ્ટ લંડન મંદિરનાં યુવક-યુવતિઓ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. બહેનો દ્વારા નૃત્ય, રાસ, ઉપદેશાત્મક નાટક, વિ.પ્રસતુત થયું. યુવાનો દ્વારા "માળાના મણકા" ઉપદેશથી ભરપૂર ભાવાત્મક નાટક રજુ કરવામાં આવ્યું. ત્યારબાદ યુવકો દ્વારા રજુ કરવામાં આવેલ ગઢપુરની કવાલીએ શ્રોતાગણને મંત્રમુગ્ધ કરી દીધા. આ સિવાય ઉત્સવ પ્રસંગને અનુરૂપ સોવેનીયર સી.ડી. "મારે મંદિર" અને "વધાઈ"નું વિમોચન કરવામાં આવ્યું.

ઈસ્ટ લંડન મંદિરનાં વિકાસ અને સિધ્ધિઓને

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈષ્ટ લંડનમાં ધામૂધમથી ઉજવાયો
# શ્રી ઘનશ્યામ મહારાજનો દશમો તથા મંદિરનો રજન જયંતી મહોત્સવ

















# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈષ્ટ લંડનમાં ધામૂધમથી ઉજવાયો શ્રી ઘનશ્યામ મહારાજનો દશમો તથા મંદિરનો રજત જયંતી મહોત્સવ












# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટનનો ૪૦ મો વાર્ષિક પાટોત્સવ ‘‘શ્રી સ્વામિનારાયણ મહોત્સવ’’ ધામધૂમથી ઉજવાયો











# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચમાં ધામધૂમથી ઉજવાયો રજત જયંતી મહોત્સવ

















# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર વુલ્વિચમાં ધામધૂમથી ઉજવાયો રજત જયંતી મહોત્સવ

















બિરદાવી રૂડા આશીર્વાદ પાઠવતું સન્માનપત્ર ભુજ મંદિર તરફથી એનાયત કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત કથા-પારાયણ અંતર્ગત શ્રી કૃષ્ણ જન્મોત્સવ તથા દેવોને ધજા ચઢાવવાનાં ઉછામણીનાં પ્રસંગો દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાયા. હરિભક્તઓએ મોકળા મને અને છૂટા હાથે સેવા કરી દિવ્ય પ્રસંગોને યજમાન થવાનો અલભ્ય લાભ લઈ ધન્યતા અનુભવી.

ઈસ્ટ લંડનમાં સત્સંગની શરૂઆત ૩૭ વર્ષો પહેલા થઈ હતી. ત્યારથી લઈને આજદિન સુધીમાં આ સત્સંગના વિકાસ અને દ્રઢીકરણમાં જેમણે તન,મન, ધનથી અણમોલ સેવા રૂપી ફાળો આપ્યો છે તેવા ૨૫ હરિભક્ત મહાનુભાવો કે જે માળાના મણકા સમાન છે તેમને યાદ કરી તેમનાં અદ્ભુત યોગદાનને શબ્દોના હારથી સત્કાર કરવામાં આવ્યો.

આ દિવ્ય પ્રસંગનાં ઉપક્રમે ઈસ્ટ લંડન મંદિર તરફથી શ્રીજી મહારાજ સ્થાપિત ૯ શિખરબંધ મંદિરોનાં દેવો તથા ભુજનાં ૨૪ ગામનાં હરિમંદિરોનાં દેવોને પાકા થાળ-રસોઈ વિ.કરવામાં આવેલ છે. આ ઉપરાંત શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત તમામ ગુરુકુલો તથા કચ્છ લેઉઆ પટેલ સત્સંગ સમાજ સંચાલિત છાત્રાલયો વિ.નાં તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ભોજન પ્રસાદ લેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તથા અબોલ મૂંગા પશુઓને લીલો ઘાસનો ચારો પૂરતા પ્રમાણમાં નિરવામાં આવેલ હતો.

આ ઉત્સવનાં આયોજનને સફળ બનવવા માટે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સહયોગી થયેલ સરકારશ્રીનાં મહાનુભાવો સર્વેશ્રી સ્ટીવન ટીમ્સ(એમ.થી.), લોકલ કાઉન્સીલરોશ્રીનું સભામાં બહુમાન કરવામાં આવેલ. નગયાત્રાનાં રૂટ માટેની પરમીશન, પાર્કીંગની પરમીશન, મંદિરનો રોડ બંધ કરવાની પરમીશન વિ. સરકારી કાર્યવાહીમાં ઉપરોક્ત મહાનુભાવો દ્વારા મંદિરની ઉત્સવ કમિટીને ઘણીજ મદદ અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

હરિભક્તોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં લઈને ગ્રીન સ્ટ્રીટ ઉપર આવેલ ગુરુદ્વારામાં બહેનોની સભા, ભોજનાલય તથા રાત્રીનાં સાંસ્કૃતિક પ્રોગ્રામો રાખવામાં આવેલ. આયોજકો દ્વારા ગુરુદ્વારાનાં ટ્રસ્ટીઓનો આવી સુંદર વ્યવસ્થા કરી આપવા બદલ હાર્દિક આભાર વ્યક્ત કરી તેઓને ફુલહાર અર્પણ કરી મોમેન્ટો ભેટ આપવામાં આવેલ.

સમગ્ર ઉત્સવનો સૌથી વધુ દિવ્ય પ્રસંગએ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારોજનો પંચામૃતથી થયેલ મહાઅભિષેક આ ઉપરાંત વિવિધ ફળોનાં રસદ્વારા, કેસરયુક્ત જળ તથા સુગંધીમાન દ્રવ્યો અને પદાર્થો દ્વારા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો અભિષેક બ્રહ્મનિષ્ઠ સંતો દ્વારા થયો. હરિભક્તોના વિશાળ સમુદાયે દર્શનનો અલૌકિક લાભ લઈ ધન્યતા અનુભવી. ત્યારબાદ દેવો સમક્ષ અન્નકુટ પુરવામાં આવ્યો. વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ, મેવા, મીઠાઈ ફરસાણો, શાક, ભાજીઓ, અથાણા, પાપડ, પાનબીડા વિગેરે અન્નકુટમાં પુરવામાં આવ્યું. આ તમામ પ્રકારની સામગ્રી મંદિરમાં જ ભાઈઓ-બહેનો વિગેરે હરિભક્તો દ્વારા રાત્રી દિવસ ખૂબ મહેનત કરીને અનન્ય ભાવથી સંપ્રદાયની પ્રાણાલિકા પ્રમાણે પવિત્રતા અને શુધ્ધતાથી બનાવવામાં આવેલ.

આ ઉત્સવનો બીજો દિવ્ય પ્રસંગ તે નગરયાત્રા. હજારો હરિભક્તો તથા સંત સમુદાય દ્વારા આ નગરયાત્રા વોનસ્ટેડ પાર્કથી શરૂ થઈ રોમફોર્ડ રોડથી ગ્રીનસ્ટ્રીટનાં માર્ગે થઈ શાફ્ટબારી રોડ દ્વારા મંદિરે આવી. બેન્ડ,વાઝા, ઢોલ, નગારા, લેજીમ વિગેરે વાજીંત્રો તથા યુ.કે.નાં વિવિધ મંદિરોની રંગબેરંગી પોષાકોથી સજ્જ રાસમંડળીઓ, બેન્ડ મંડળીઓ દ્વારા નંદ સંતો રચીત કીર્તન,ધૂન વિગેરેની રમઝટ બોલાવતા દિવ્ય આનંદમય મહોલ સર્જાયો. નગરયાત્રામાં લગભગ ૫૦૦૦ જેટલા હરિભક્તો જોડાય હતા. લાલ,કેસરી અને ભગવા રંગથી આખી નગરયાત્રા શોભતી હતી. રસ્તાની બન્ને બાજુએ હજારો માણસો નગરયાત્રાનાં દર્શન કરવા માટે એકઠા થયા હતા. ભાતીગળ વસ્ત્રો,

રજવાડી પોષાકો, રાસ, ધૂન વિગેરેની રમઝટના અલૌકિક દૃશ્યો નિહાળી લોકો અચંબો પામી ગયા હતા. હજારો માણસોએ આ દિવ્ય શોભાયાત્રાને કમેરા,મોબાઈલ દ્વારા સ્મૃતિ માટે કંડારી લીધી હતી.

નગરયાત્રાનાં આયોજકોનું તલસ્પર્શી મેનેજમેન્ટ સીક્યુરીટીનાં સ્વયંસેવકોની અજોડ સેવા અને સંતોના રૂડા આશીર્વાદથી સમગ્ર નગરયાત્રા તેના નિર્ધારિત સમય પ્રમાણે આનંદથી નિર્વિઘ્ન પૂર્ણ થઈ.

આ ઉત્સવની શરૂઆતથી અંત સુધી ઈસ્ટ લંડનમાં તમામ હરિભક્તો સહકુટુંબ તથા આગંતુક મહેમાનો, યુ.કે.નાં વિવિધ મંદિરોમાંથી પધારેલ મહેમાન હરિભક્તો વિ.ને સવાર-બપોર-સાંજનાં સમયે સ્વાદિષ્ટ, રુચિકર, ઉત્તમ, શુધ્ધ અને સાત્ત્વિક પ્રસાદરૂપ ભોજનની વ્યવસ્થા રસોઈકામનાં જાણીતા અનુભવી વ્યક્તિનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જમવાની બધી જ સામગ્રી મંદિરના ભાઈઓ તથા બહેનો દ્વારા મંદિરમાં જ બનાવવામાં આવી હતી. હરિભક્તોને પીરસવાની સેવા યુવાન યુવતીઓ દ્વારા ખૂબજ ભાવથી કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન આશરે ૧૦,૦૦૦ હરિભક્તાએ ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો. સ્વયંસેવકો દ્વારા રસોડા તથા ભોજનાલય વિભાગમાં રાખવામાં આવેલ શુધ્ધતા અને પવિત્રતતા ઉડીને આંખે વળગે તેવી હતી.

મહોત્સવનાં અંતમાં મંદિરનાં પ્રેશીડેન્ટ શ્રી શામજીભાઈએ આ ઉત્સવને સફળ બનાવવા માટે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અમદાવાદ સંતમંડળ, ભુજ મંદિરનાં પ.પૂ. સદ્. મહંત પુરાણી સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ શ્રી જાદવજી ભગત, પૂ. પુરુષોત્તમસ્વરૂપદાસજી સ્વામી તથા અન્ય બ્રહ્મનિષ્ઠ સંતો કથાના વિદ્વાન વક્તાશ્રીઓ તમામ સ્વયંસેવકગણ, તમામ દાતાશ્રીઓ, શુભેચ્છકો, સરકારી મહાનુભાવો વિ. લાગણીસભર હૈયે, ગદ્ગદ કંઠે આભાર વ્યક્ત કર્યો હતો.

મહોત્સવનાં મખ્ય યજમાન પદે પ.ભ. હિરજીભાઈ શીવજી વેલાણી, ધ.પ. સાન્તાબેન હિરજી વેલાણી ગામ ઉ.સુખપર રહ્યા હતા. તેમજ સહ યજમાન પદે પણ વિશાળ પ્રમાણમાં ભક્તો જોડાઈ ઉત્સવમાં સેવાનો લાભ લીધો હતો.

અહેવાલ :-પુલકિતભાઈ ભીખુભાઈ કોરાટ,
અરવિંદભાઈ કલ્યાણ વેકરીયાના
જય શ્રી સ્વામિનારાયણ

## બોલ્ટન મંદિરના ૪૦માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

તા. ૨-૯-૨૦૧૩ થી ૮-૯-૨૦૧૩ સુધી ધામધૂમથી ઉજવવાયો.

આપણા બોલ્ટન મંદિરને ૪૦ વરસ પુરાં થતાં વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આજથી ૪૦ પરસ પહેલાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના અ.નિ. મહંત સ.ગુ. પરમ પૂજ્ય વંદનીય શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી એક મહાન સંત હતા. તે સમયમાં તેમણે આફ્રીકા તેમજ યુ.કે.ના હરિભક્તોને આશીર્વાદના પત્રો લખીને શ્રી સ્વામિનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરાવી. આવા મહાન સંતોના આશીર્વાદથી તેમજ અનેક દાનવીરોના સાથ અને સહકારથી સૌ પ્રથમ યુ.કે.માં આપણા બોલ્ટનમાં પહેલું જ મંદિર ૧૯૭૩માં કરવામાં આવ્યું. તેને આ વરસે તા.૬-૯-૧૩ના ૪૦ વર્ષ પુરા થતા આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સાથે ૪૦માં પાટોઉત્સવ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞનું પારાયણનું ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ ૭ દિવસના પારાયણના ૬૫ મુખ્ય યજમાન અને ૧૦ સહ યજમાન રહ્યા હતા. આ પારાયણના વક્તા પદે ભુજ મંદિરથી પધારેલા વિદ્વાન સંતો શાસ્ત્રી સ્વામી

નારાયણમુનિદાસજી, પુરાણી સ્વામી હરિમુકુંદદાસજી, પુરાણી સ્વામી ભક્તવત્સલદાસજી, પુરાણી સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી દેવવિહારીદાસજી, પુરાણી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદિ સંતો કથા સંભળાવીને હરિભક્તોને રાજી કરેલ. મહોત્સવનું સભાપતિ પદ સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી સુંદર રીતે સંભાળ્યું હતું.

ઉત્સવ દરમિયાન અનેક પ્રસંગો ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. શ્રી ઘનશ્યામ મહારાજનો જન્મોત્સવ પહેલે જ દિવસે સાંજે ઉજવવામાં આવેલ. અને હરિભક્તો રાસોત્સવ રમેલ.

ઉત્સવમા મંદિરને ખૂબજ લાઈટોથી શણગારવામાં આવેલ

આ ઉત્સવને વધારે શોભાવવા માટે અમદાવાદથી પૂજ્ય મોટા મહારાજશ્રી ૭ દિવસ દરરોજ સવારે અને સાંજે દર્શન આપી શોભા વધારી હતી. તેમજ ભુજ મંદિરના પરમ પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, પાર્ષદ જાદવજી ભગત, તેમજ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી યુ.કે.ના સત્સંગ પ્રચાર માટે પધારેલા સંતોમાં સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, ડોક્ટર પૂજ્ય સ્વામી સત્યપ્રસાદદાસજી, સ્વામી હરિમુક્તદાસજી આદિ ૨૨ સંતો ભુજ મંદિરથી અહીં પધારીને આ મહોત્સવને ખૂબ જ શોભાવ્યો હતો.

અમદાવાદ મંદિરના મહંત સ્વામી, બ્રહ્મચારી રાજુ સ્વામી, કનુભગત, તેમજ બહેનોને લાભ આપવા માટે પૂજ્ય મોટી ગાદી વાળા પણ આ મહોત્સવમાં પધારીને આ પ્રસંગને ખૂબ જ શોભાવ્યો હતો.

આ મહોત્સવમાં દરરોજ ૬ દિવસના મહાપ્રસાદરૂપી ભોજનના યજમાન ગામ સામત્રા હાલે નૈરોબીના રહેવાસી શ્રી પ.ભ. મેઘજીભાઈ કરસન વરસાણી ધ.પ. પૂરબાઈ સહપરિવાર તરફથી રાખવામાં આવેલ. અને ૧ દિવસના મહાપ્રસાદરૂપી ભોજનના યજમાન ડોક્ટર પ્રસાદ તરફથી રાખવામાં આવેલ. આ પ્રમાણે હરિભક્તોને દરરોજ જુદી જુદી સ્વાદીષ્ટ ભોજન જમાણીને હરિભક્તો ભાઈઓ તથા બહેનોને રાજી કરેલ.

તા. ૩-૯ મંગળવારના મહિલા મંડળ, યુવતી મંડળની બહેનો તરફથી સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ. તા.૪-૯ ના યુવક મંડળના બોલ્ટનના નાના બાળકો તરફથી કીર્તન ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવેલ. તા. ૫-૯ ગુરૂવારના પવિત્ર દિવસે સમૂહ મહાપૂજા રાખવામાં આવેલ અને તા.૬-૯-૨૦૧૩ શુક્રવારના આપણા બોલ્ટન મંદિરનો મહાઅભિષેકનો દિવસ હોવાથી સવારે ૭ વાગ્યે મહાવિષ્ણુયાગ હોમ હવનનો યજમાનોએ લાભ લીધાલ. તેમજ તેજ દિવસે સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય મોટા મહારાજશ્રી તેમજ ભુજ મંદિરના મહંત સ્વામીના વરદ્ હસ્તે નારિયેળ હોમવામાં આવેલ.

દરવર્ષની જેમ ઠાકોરજીના મહાઅભિષેકના યજમાનના ચળાવવાથી લેવામાં આવેલા તે સૌથી ઉંચો આંક આપી Motion Motor Company LTD ના ડાયરેક્ટર ગામ દહિંસરાના માવજીભાઈ રામજી પાંચાણી, સુપુત્રો અનિલ માવજી પાચાણી, રસીક માવજી પાચાણી આદિ સહપરિવાર સાથે મળીને આ અભિષેકના યજમાન પદે રહી લાભ લીધેલ.

ઠાકોરજીને દૂધ, દહીં પંચામૃતથી સ્નાન કરાવી સૌને દર્શનનો લાભ અપાવ્યો. અભિષેકના યજમાન શ્રી તેમજ પૂજ્ય મોટા મહારાજશ્રી તથા સંતોના વરદ હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ ઠોકરજી પાસે અનેક પ્રકારના જુદા જુદા સ્વાદિષ્ટ પકવાનોનો અન્નકૂટ ગોઠવવામાં આવેલ અને હરિભક્તો દર્શનનો લાભ લીધેલ.

આજ દિવસે દરવર્ષની જેમ ઠાકોરજીના સિંહાસન તેમજ મંદિરના શિખર ઉપરના કળશ ઉપર

ધ્વજ રોપણના ચડાવા લેવામાં આવેલ ત્યારે સૌ હરિભક્તોના ખૂબ જ આનંદમાં હતા. પૂજ્ય મહંત સ્વામી તેમજ મોટા મહારાજશ્રીની હાજરીમાં ચડાવવાના આંક લેવામાં આવેલ જેમા મેઘરાજા વરસે તેમ હરિભક્તો તરફથી આંક બહુજ સારામાં સારા આવતા રહ્યા.ગુપ્તદાનમાં હરિભક્તો તરફથી આવેલ તેના તરફથી મંદિર ઉપર તેમજ સિંહાસન ઉપર ધજા ચડાવવામાં આવેલ.

આ રીતે આજે ખૂબ જ આપણા બોલ્ટન મંદિરના ૪૦માં વરસના પાટોત્સવ પ્રસંગે ૪૦ વરસ પુરા થતા ધજાનો ચડાવાનો આંક પણ ૪૦ હજાર પાઉંડ પોચી જવાથી હરિભક્તોના મનમાં ખૂબ જ આનંદ હતો અને મહંત સ્વામી પણ ખૂબજ રાજી થયેલ. રાત્રીના ઉત્સવો ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ. ત્યારબાદ શનિવારના સવારના લંડનથી ૧૭ મોટી બસોમાં મહોત્સવમાં લાભ લેવા માટે યુ.કે.ના બધા જ મંદિરોના પ્રતિનિધીઓ તેમજ અનેક હરિભક્તો ભાઈઓ તથા બહેનો ,નાના બાળકો મોટી સંખ્યામાં પધારી આ ઉત્સવને શોભાવ્યો હતો.

ત્યારબાદ સૌ હરિભક્તો ભોજન પ્રસાદ લઈને કુવિનસ પાર્કથી ભગવાનની નગરયાત્રા નીકળી હતી. બોલ્ટનની મેઈન બજાર ડરબી સીટી ઉપરથી નીકળીને ખૂબ જ ધામધૂમથી વાજતે ગાજતે પૂજ્ય મોટા મહારાજશ્રી સાથે સંતો, યુ.કે.ના બધાજ મંદિરમાંથી હરિભક્તો પોતપોતાની બેન્ડપાર્ટી, લેઝીમ તેમજ વાહનો શણગારીને લાવ્યા હતા. નગરયાત્રામાં હરિભક્તો ભાઈઓ તથા બહેનોએ મજા માળી હતી. તેમજ મેઈન બજારના વેપારી દુકાનદારો એ પણ આ દૃશ્ય જોઈને ખૂબ જ રાજી થયેલ. સાંજે ૫ વાગે પાછા મંદિરે આવી મહાપ્રસાદ લીધેલ.

તેમજ સાંજે કીર્તન ભક્તિનો પોગ્રામ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ રીતે યુ.કે.ના દરેક જગ્યાએથી મોટા પ્રમાણમાં હરિભક્તો પધારીને આ ઉત્સવને શોભાવ્યો હતો. અને પૂજ્ય મોટા મહારાજશ્રી તેમજ પૂજ્ય મહંત સ્વામીની તબિયત બરોબર ન હોવા છતાં પણ આપણા મહોત્સવમાં હાજરી આપેલ. છેલ્લે પૂર્ણાહૂતિના દિવસે મંદિરના પ્રમુખશ્રી તરફથી સર્વે સંતો મોટા મહારાજશ્રી તેમજ દાતાશ્રી તેમજ સર્વે હરિભક્તોનો આભાર માનવામાં આવેલ. અને સંતોએ રૂડા આશીર્વાદ આપી સર્વે ભોજનપ્રસાદ લઈને પરત ફર્યા હતા.

અહેવાલ :- મંદિરના પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ, મંત્રી વાલજીભાઈ ગાંગજી હાલાઈના જય શ્રી સ્વામિનારાયણ.

## પંચાહ્ન પારાયણ

તા. ૧૧-૯-૨૦૧૩ થી ૧૫ સપ્ટેમ્બર સુધી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામમાં સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ કરવામાં આવી હતી. જેના યજમાન પદે ગામ કેરાના અ.નિ. પરબતભાઈ મનજી ભુડીયા હ. ગંગાસ્વ. કેસરબેન ભુડીયા તથા સુપુત્રો ખીમજીભાઈ, કિશોરભાઈ, પોપટભાઈ, ચીમનભાઈ, મૂળચંદભાઈ, હિતેશભાઈ તથા પરબતભાઈ ભુડીયા સહપરિવાર રહ્યા હતા.

ભુજ મંદિરના સંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી વક્તાપદે રહ્યા હતા. તા.૧૪-૯-૧૩ના યજમાનશ્રીઓ તરફથી ઠાકરથાળી રાખવામાં આવેલ તેમજ રવિવારે પ્રસાદરૂપી ભોજન નું આયોજન પણ કરવામાં આવેલ હતું.

અહેવાલ :- જયાબેન હિતેશભાઈ ભુડીયા

## સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ ઠાકરથાળી ઉત્સવ

શનિવાર તા. ૨૧-૦૯-૨૦૧૩ના ગામ બળદિયાના (હાલે લંડન) નિવાસી પ્રેમજીભાઈ હરજી વેકરીઆ તરફથી ઠાકરથાળી ઉત્સવ રાખવવામાં આવેલ હતો. સર્વે હરિભક્તોએ સાથે મળી રાસોત્સવ પણ કરેલ અને સર્વેને રાસોત્સવમાં ઘણોજ આનંદ આવેલ.

અહેવાલ :- શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

**લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી**

## એકાદશીનું મહાત્મ્ય

કથા ચાલુ છે અને ઘનશ્યામ મહારાજ એકલા પ્રવેશે છે. ધીરે ધીરે આગળ વધી કથા સાંભળવા બેસે છે. મોહનદાસ વૈરાગી કથા કરે છે.

કથાકાર : હે ભક્તજનો ! એકાદશી વિષે તમે ઘણું સાંભળ્યું હશે. પરંતુ ખરેખર એ બધી વાતો માનવા જેવી નથી.એકાદશી વિષેનું મારું જ્ઞાન સૌથી સારું છે.

શ્રોતા- : વ્યાસજી ! તમે શું કહેવા માગો છો ? એકાદશીનું તો ખૂબ મહાત્મ્ય છે. તેવું પુરાણોમાં કહ્યું છે. શું એ સાચું નથી?

શ્રોતા-૨ : હે પુરાણી ! આ વાત બિલ્કુલ ખરી છે. એકાદશીનું આટલું માહાત્મ્ય હોવા છતાં તમે ના શામાટે કહો છો.

કથાકાર : આ બધી વાતો તો પોથીમાંના રીંગણા છે. જરા વિચારો. ભગવાન આપણને આ મનુષ્ય દેહ શા માટે આપ્યો છે? દુઃખ ભોગવવા તો નથી આપ્યો ને?

શ્રોતા-૩ : ભગવાન માનવ અવતાર દુઃખ ભોગવવા નથી આપ્યો. પણ.....
(શ્રોતાની વાત વચ્ચેથી અટકાવીને - કથાકાર હાથ ઊંચો કરી શ્રોતાને બોલતો અટકાવે છે.)

કથાકાર : હે ભાઇ ! તમે સમજતા નથી. અરે.... એકાદશીને તો જગન્નાથપુરીમાં ઊંચી બાંધી રાખી છે. તેથી આત્મારુપી ભગવાનને ભૂખ્યા રાખીને દુઃખ સહન કરવું આ તો બહુ ખોટું કહેવાય. માટે એકાદશીને દિવસે અન્ન ખાવામાં કાંઇ દોષ નથી.

શ્રોતા-૪ : તો પછી એકાદશીનું વ્રત ન કરવું?

કથાકાર : (ખંધાઇ પૂર્વક) અરે... જે દિવસ અન્ન ન મળે તે દિવસે એકાદશી જાણવી...
(આવા વચન સાંભળી ઘનશ્યામ મહારાજ સાવધાન થઇ ગયા.તત્કાળ ઊભા થઇને બોલ્યા )

ઘનશ્યામ : લોકો આવા હલકા વિચારો ધરાવતા અને પોતાને ત્યાગી કહેવડાવતા ઉપદેષ્ટાને ગુરુ કરીને પૂજે છે. તે પોતે અવળા માર્ગે ચાલે છે. અને ભોળા ભક્તોને ગેરમાર્ગે દોરી પાપ તરફ ધકેલે છે.

કથાકાર : (મશ્કરી ભર્યા અવાજમાં) જુઓ, જુઓ, ભાઇઓ ! આ બાળક આપણને જ્ઞાન આપવા આવ્યો છે ! એકાદશીનો મહિમા વધારીને મને... વિદ્વાન્ પંડિતને શિખામણ આપવા આવ્યો છે, આ બાળક જાણતો નથી કે હું અતિવિદ્વાન છું, અનેક ધાર્મિક ગ્રંથો મને કંઠસ્થ છે. આ બાળક શું જાણે કે ધર્મ શું છે અને તેનું પાલન કેમ કરાય.

ઘનશ્યામ : અરે દુષ્ટ, ભોળા લોકોને ભ્રમમાં નાખે છે? એકાદશીનું તો ખૂબ મહાત્મ્ય છે. હજાર અશ્વમેઘ યજ્ઞ અને એક સો રાજસૂય યજ્ઞ કરે તેનાથી પણ આધિક ફળ કહેલું છે. તું લોકોને ગેરમાર્ગે દોરવાનું કામ કરે છે.

મોહનદાસ : અરે ઓ, બાળક, મને તું એકાદશી વિષે સમજાવવા આવ્યો છે?

ઘનશ્યામ : અરે મુરખ, તું ત્યાગી કહેવડાવે છે છતાં

એકાદશી કરવાની સર્વેને ના પાડે છે ? અને બીજા માણસોને પણ તારા જેવા પાપી કરવા છે ? ભગવાન થકી વિમુખ રાખવા છે.?

મોહનદાસ : શું કહ્યું ? પાપી ? કોણ હું પાપી ?

ઘનશ્યામ : હા તું જ પાપી છે.
(આમ કહી મહારાજ તેની તરફ જુવે છે.તત્કાળ મોહનદાસને સમાધી થઇ જાય છે. મોહનદાસ લથડિયા ખાતો ધીરેથી જમીન પર પડી જાય છે.)

મોહનદાસ : ( જોરથી બુમો પાડતાં ) અરે છોડો, છોડો મને છોડી દો. અરે હું ક્યાં છું ? (પડદા પાછળથી યમનો અવાજ કરવો )
અરે મુરખ તું યમપુરીમાં છે.

મોહનદાસ : હું યમપુરીમાં છું ? વિકરાળ અને ભયાનક ચહેરાવાળા અતિશક્તિશાળી તમે કોણ છો ?

યમદૂત : અમે યમદૂત છીએ.

મોહનદાસ : વોય બાપ રે...અરે મને શામાટે મારો છો ? વોય માડી.. મને ખૂબ પીડા થાય છે. મારાથી સહન થતું નથી. મને છોડી દો.

યમદૂત : અરે દુષ્ટ, તું જેને બાળક સમજે છે તે તો સાક્ષાત ભગવાન છે. તેની તું અવજ્ઞા કરે છે ?

મોહનદાસ : શું કહ્યું ? આ બાળક ઘનશ્યામ સાક્ષાત ભગવાન છે ! મેં તેની અવજ્ઞા કરી તેનું આ ફળ હું ભોગવી રહ્યો છું !

યમદૂત : હા મૂર્ખ, આ તેનું ફળ છે.

મોહનદાસ : અરે બાપ રે...મને છોડી દો... મારી ભૂલ થઇ ગઇ... મને માફ કરો... હવે કોઇ દિવસ ઘનશ્યામની અવજ્ઞા નહી કરું. કોઇ દિવસ કોઇને એકાદશી કરવાની ના નહીં પાડું અને સદાય લોકોને એકાદશીનું વ્રત કરાવીશ અને હું પણ એકાદશીનું વ્રત કરીશ. મને છોડી દો...મને માફ કરીદો. વોય મા રે... હે ઘનશ્યામ પ્રભુ મને બચાવો.....
(ઘનશ્યામ મહારાજ આગળ આવ્યા અને મોહનદાસના માથા પર હાથ મુક્યો. તરત જ વૈરાગીને સમાધી ઊતરી ગઇ )

મોહનદાસ : હે ઘનશ્યામ મહારાજ ! મને માફ કરી દો... તમે તો સાક્ષાત્ મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજી છો. પ્રભુ મને માફ કરી દો.

મોહનદાસ : હે ભાઈઓ ! આ ઘનશ્યામ મહારાજનું મેં અપમાન કર્યું તેથી હું યમપુરીમાં મહાદુઃખ પામ્યો. આ બાળક તો સાક્ષાત ભગવાન છે. માટે ભાઈઓ ! એકાદશીનું વ્રત અવશ્ય કરવું. સૌ એ વ્રત કરજો તો ભગવાન રાજી થશે અને તમારા જીવનમાં પુણ્યનું ભાથું બંધાશે. ...........બોલો ઘનશ્યામ મહારાજની જય..રામચંદ્ર ભગવાનની જય..

## જ્ઞાનસરિતા

૧. શ્રી કૃષ્ણભગવાન ગોપીઓ સાથે રાસ કયાં રમ્યા હતા ?
(અ) મથુરા (બ) ગોકુલ
(ક) વૃન્દાવન (ડ) રમણરેતી

૨. શરદ પૂનમને દિવસે ભગવાનને વિશેસમાં શું ધરાવવામાં આવે છે ?
(અ) દૂધ (બ) દૂધપૈઆ
(ક) મીસરી (ડ) બટેકા પૈઆ

૩. રાક્ષસરાજ રાવણનો વધ કોણે કર્યો હતો ?
(અ) હનુમાનજી (બ) લક્ષ્મણજી
(ક) રાઘુનાથજી (ડ) વિભિષણજી

૪. આરતી ઉમંગ સહિત મંગળા ઉતારુ, આ આરતી કોણે બનાવી છે?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી

(ક) મુક્તાનંદસ્વામી (ડ) બ્રહ્માનંદસ્વામી

૫. કયા ગામમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને રસોત્સવ કર્યો હતો ?

(૧) અમદાવાદ (૨) જેતપુર

(૩) ભુજ (૪) પંચાળા

૬. દીવાળીની રાત્રે ભગવાન શ્રીહરિએ કયા ગામમાં દીપમાળા મધ્યે ઊંચામંચ પર બિરાજી ભક્તોને દર્શનનો દિવ્ય આનંદ આપ્યો હતો..?

(અ) કારીયાણી (બ) ગઢપુર

(ક) લોજ (ડ) ભુજ

૭. લક્ષ્મીજી સમુદ્રમાંથી કયા દિવસે પ્રગટ થયા હતા?

(અ) શરદ પૂનમ (બ) ધનતેરસ

(ક) કાર્તિક સુદ ૧ (ડ) દીવાળી

૮. સ.ગુ, મહંત અચ્યુત દાસજી સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?

(અ) બળદીયા (બ) રામપર

(ક) સુખપર (ડ) ધુફ઼ે

૯. શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે સુરા અને મદ્ય ન પીવાની આજ્ઞા કયા શ્લોકમાં આપી છે ?

(અ) ૧૫ (બ) ૧૪

(ક) ૧૨ (ડ) ૧૩

૧૦. ભારતનું પાટનગર દિલ્હી કઇ નદીને કિનારે આવેલું છે?

(અ) ગંગા (બ) સરયૂ

(ક) યમુના (ડ) કાવેરી

## -: શબ્દ રચના :-

આ કોયડામાં અન્નકૂટમાં ભગવાનને ધરાવવામાં આવતી ૧૩ મીઠાઇના નામ છે તે શોધો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શ્રા | | | | | | | |
| | | | | | | વા | પો | મ | | | | | | |
| | | | | | હ | ભ | ષ | ગ | વૈ | | | | | |
| | | | | મો | તૈ | યા | પ્રી | જ | લા | ન | | | | |
| | | | ક | ગ | ત્ર | ષ | દ | મા | ત | ઈ | યા | | | |
| | | ણ | ફ | ડી | હા | ઢ | વો | ળ | ત્ર | દી | મે | ન | | |
| | ષા | કા | ખ | કા | ર | ત | દ | ષા | ડ | ક | સો | જૂ | ઘ | |
| આ | ઠ | સુ | ષા | હા | ચૈ | વ | વા | અ | સ | ચુ | ર | મા | વૈ | ટા |
| | જ | લે | બી | વા | સે | મા | ન | ખ | ટા | ઈ | યા | જે | સા | |
| | | ણ | મો | હ | ન | થા | ળ | વો | સા | દી | ષા | ઢ | | |
| | | | ગ | વૈ | મા | સ | ર | ડ | બું | મ્બ | ર | | | |
| | | | | ફા | ઢ | સ | ક | ર | પા | ડા | | | | |
| | | | | | ભા | લા | ચૈ | શા | દી | | | | | |
| | | | | | | શા | વૈ | ડ | | | | | | |
| | | | | | | | અ | | | | | | | |

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

તર,સુરપ્રભા, સોમાદેવી, ગંગામા,ત્રણે,રોહિણી રાજાબલિ, સુમતી,બીલીપત્ર,બંકિમ ચંદ્ર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કિ | શ્ર | ણ | સ | ભ | ક | તિ | પા | અ | વં |
| થા | ર | દ | ત્સં | ન | સ્ય | ર્ત | દ | ર્ચ | શ્ર |
| સ્મ | ખા | આ | ગ | જ | દા | વે | સે | મ | ન |
| ક | થા | ક | ન | ભ | ન | શ્ર | વ | ણ | મ |
| વં | ખા | ર્ત | સ્મ | દ | ર્ચ | ત્મ | ન | સ | સ્કા |
| દ | કિ | વા | વે | પ | દ | ક્ષિ | ણા | ત્ | ર |
| ન | ર | નિ | દ | ણ | ર્શ | ર્ત | સે | વ | ન |
| સ | ત્મ | કિ | અ | ર્ચ | ન | કિ | સ્ય | ખા | લ |
| આ | નિ | શ્ર | વ | દ | ર | સ્મ | સ | પા | અ |

**સરનામું**

નામ.....................................................................................

ગામ .....................તાલુકો...................ઉંમર.......શાળા......................................

ધો...............મો.ન......................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૫૦૦/- | અ.નિ. નાનજી મનજી વરસાણી પરિવાર | માનકુવા નવોવાસ | હિંડોળા નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | બહાદુરસિંહજી રાયસિંહ-રાયોર | અકરીમોટી | બહાદુરસિંહજી રાયસિંહના પૌત્ર જન્મનિમિત્તે |
| ૧૦૧/- | ભગવતીબેન વલભજી ગણાત્રા | માંડવી | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | રોહિત લાલજી વેકરીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ધનજી નારણ મનજી વરસાણી | માનકુવા | દોહિત્રી જેમીની પરીક્ષામાં સારા માર્કથી પાસ લંડન થયેલ તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | લાલબાઈ ધનજી નારાણ વરસાણી | માનકુવા | દોહિત્રી જેમીની ડ્રાઈવીંગ ટેસ્ટમાં પાસ લંડન થતાં તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિનોદ માવજી હાલાઈ<br>હ. માવજી અરજણ | રામપર-વેકરા | વિનોદભાઈને ત્યાં પુત્રીનો જન્મ થતાં તે<br>તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિજય લાલજી ડબાસીયા | | માનકુવા પુત્રી સનવીના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | સંદીપ રામજી ડબાસીયા | | માનકુવા પુત્રીના જન્મ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | હેમાક્ષીબેન રમણિકલાલ વાઘાણી | વાપી | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | શિવજીભાઈ ધનજીભાઈ માસ્ટર | માધાપર | પુત્રી નીતાબેન મનોહરનના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | વનિતાબેન વિજેશભાઈ ભુડીયા | નારાણપર | સુપુત્રી ચિ.ભુમીશાના જન્મદિવસ નિમિત્તે<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | પ્રેમીલાબેન લાલજી જાદવજી વેકરીયા | | માધાપર જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | લાલજી હરજી મેપાણી | સુખપર | જન્મદિવસ નિમિત્તે ૬૦ વર્ષ પૂર્ણ કરતાં<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કાનજી સામજી વેકરીયા | કેરા | નવા મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | ગોવિંદભાઈ હીરજી જેઠા વરસાણી<br>ધ.પ. પ્રેમબાઈ | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નરનારાયણદેવ કન્સ્ટ્રક્શન | કોડકી | કન્સ્ટ્રક્શન કામગીરી સારી રીતે શરૂ થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | કસ્તુરબેન ખીમજી રાબડીઆ | સરલી | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ખીમજી લાલજી રાબડીઆ | | સરલી વાડીમાં કપાસ સારો થતાં શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૧/- | કૃષ્ણાબેન પ્રવીણ જાદવા કેરાઈ | નારાણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ચેષ્ટા મનસુખભાઈ વરસાણી | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | આયુષ રવજી મેપાણી | સૂરજપર | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | આદર્શ રવજી મેપાણી | સૂરજપર | જન્મદિવસ નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | માવજી રૂડા ગોંડલિયા | સૂરજપર | અ.નિ. રૂડાભાઈ મેઘજી ગોંડલિયાની પુણ્યતિથિ સ્મરણાર્થે |
| ૧૫૧/- | સામબાઈ માવજી ગોંડલિયા | સૂરજપર | અ.નિ. ગોરબાઈ રૂડા ગોંડલિયાની પુણ્યતિથિ સ્મરણાર્થે |
| ૨૦૦૦/- | પૂર્વ આફ્રિકા શ્રી સ્વામિનારાયણ મંદિર | | નૈરોબી હરિભક્તોની ઉત્તર ભરતયાત્રા નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે |
| ૫૦૦/- | દિનેશ માવજીભાઈ વાઘજીયાણી | સુખપર | નૈરોબી મોલમાં આતંકી હુમલામાં શ્રી નરનારાયણદેવ રક્ષણ કર્યું તે નિમિત્તે |

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બોલ્ટનનો ૪૦ મો વાર્ષિક પાટોત્સવ ''શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'' ધામધૂમથી ઉજવાયો










RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# શ્રી સ્વામિનારાયણ યુવક-યુવતી મંડળ, પર્થ - ઓસ્ટ્રેલિયા







ગણેશોત્સવ શોભાયાત્રા તથા પૂજન - પ્રસાદિ મંદિર - ભુજ



ગણેશોત્સવ મુંબઈ - પાર્લા મંદિર